ના.

હકીકત જાણવી હોય, કાળ દુકાળ,
ના જીંદગીના સુખદુ:ખનો અહેવાલ
ો જાણતાં શીખવું હોય, જ્યોતિષ
નિપુણ ાનવું હોય તોજ આ ગ્રંથ
માટે પુસ્તકના કદ, કાગળ, બાઇન્ડી
અને ધનની મહેનત તથા ખર્ચ
પો. ૦-૩-૦ જુદું. પાકું રે
જેઠાલાલ દેવશંકર દ
૫૩ ભાગ્યોદય રીચીરોડ—અમ.

ાત્ર રૂ. ૧-૮-૦ માંજ તૈયાર છે.

વ્હારી કાયદાનું જુથ.

આવૃત્તિ.

પગારની કલમો. ક્રીમીનલ પ્રોસીજર કોડ, ડી-
, હજા એકટ, લેન્ડરેવન્યુ કોડ ને ઉપર થયેલી
રાઇટસ એકટ, ગામના નમુના, તાલુકાના નમુના,
, ...ના ...ના રૂલ, અફીણનો એકટ, આબકારી એકટ, મીઠાનો
એકટ વિગેરે ૨૦ કાયદાઓનો સમાવેશ કર્યો છે. દરેક માણસે હમેશાં
લાયક અને ઘણું જ ઉપયોગી છે. જેના સંબંધમાં સેંકડો વિદ્વાનોનાં
ત્યાં છે.

પ્રમાણો સ્થળ સંકોચથી આપી શકયા નથી પુસ્તકની કિંમત રૂ. ૧-૮-
-૦ જેઠાલાલ દેવશંકર દવે. મુ. અમદાવાદ. (ગુજરાત)

વૈદ માને વૈદક ભાગ ૧ લો અને ૨ જો.

ા હાલમાંજ બહાર પડયાં છે છતાં તે એકદમ થોડાજ વખતમાં ખપી
તેજ તેની લોકપ્રિયતા અને ઉત્કૃષ્ટતા સિદ્ધ કરી બતાવે છે.
l તમામ રોગ મટે એવા ઔષધો આપવામાં આવ્યા છે. આ ઔષધો
ંથી તે શી રીતે બનાવવાં તથા કઇ દવા કયા કયા રોગ મટાડે છે
ા. ગુટિકાઓ વિગેરે દવા કઇ કઇ ...ની ... રીતે બન
તે પ્રમાણે ગુજરાતી ભાષામાં ચરક સુશ્રુત ... ગ્ર
! જેવા મહાન ગ્રંથોમાંથી ...વામાં આવ્યું છે. આ પુસ્તક ૨
રોજગી કરી શકે છે. પુસ્તકની કિંમત દરેક ભાગની ... ૦-૧
સાથે રૂ. ૧.

ગાળ્યો તે વાંચી જેનાં વૈદક સંબંધી તે ઘણું સારૂં જ્ઞાન આ
ો બીજો ભાગ એક નકલ વી. પી થી મોકલશો

લી. રામજી હરજી મુ.—નાગલપુર—કચ્છઅંજાર.

લખો—જેઠાલાલ દેવશંકર દવે—અમ

[illegible]

...રેલ છે, અને તેમાં જ્યાં જ્યાં ...

...તેમાં નીચે પ્રમાણે છપ...

ફોજદારી વિષયને લગતા ...

...ડ, ગાંડા માણસના આશ્રમ સ્થાન ...

...ટ, એક્સ્ટ્રાડીશન એક્ટ, મું...

...બાબતનો એક્ટ, કારીગર અને...

...તમાકુ બાબતનો એક્ટ, પોસ્ટ...

...ચોરી જણસો બાબતનો એક્ટ, ...

...બેલ બાબતનો એક્ટ, નિધિનિક્ષેપ ...

...પોલીસ એક્ટ, ડીસ્ટ્રીક્ટ પોલીસ એક્ટ. વિગેરે

રેવન્યુ (મુલકી) તથા સરવઈના ...

...કોડ, લે... રેવન્યુ કોડ કા. ૨૧૩ ઉપર થયેલી ...રૂલ, રેકર્ડ ઓફ રાઈટસ એક્ટ ઉપર થયેલી રૂલ, જ... બાબતની સમજુતી, તાલુકાના નમુના, ગામના ... ઈન્સપેક્ટરોની રૂલ, આપણીની સમજુતી, ઓરી...

દિવાની વિષયોને લગતા કાયદાઓ—સ... સરટીફીકેટ લેવાનો એક્ટ, સગીરની જાત તથા મિલકતના વાલી નીમવા બાબત... કોર્ટ ઓફ વોર્ડસ એક્ટ, દક્ષિણ રીલીફ એગ્રીકલચર એક્ટ, હિંદુ વિધવાના પુનર્લ... તનો એક્ટ, ગાંડા માણસની માલ મિલકતની સંભાળ કરવા બાબતનો એક્ટ... લોકોના લગ્ન તથા તલાક બાબતનો એક્ટ, વસિયતનામું કર્યા સિવાય મરનાર ... સા બાબતનો એક્ટ, કોર્ટ ફી એક્ટ, હિંદુસ્તાનનો પુરાવાનો એક્ટ, હિંદુર... સમ ખાવા બાબતનો એક્ટ, કરારનો એક્ટ, રજીસ્ટ્રેશન એક્ટ, વહેંચણ... ...ા એક્ટ, ટાન્સફર પ્રોપરટી એક્ટ, યુરોપીયન વેગ્રંનસી એક્ટ, સીવીલ કો... ...મેટ તથા વહીવટ ચલાવવાની સનંદો આપવા બાબતનો એક્ટ, નાદારીનો ...બતનો એક્ટ, વારસાનો એક્ટ, હિંદુ લો, વારસોને કરજમાંથી છોડાવવા ... ...મુદતમાની ઠરેલ, સબીલદારી વિષે, સંહીલના હક્ક બાબત, સ્ટામ્પ એક્ટ

પરચુરણ વિષયને લગતા કાયદાઓ—તગાવીનો એક્ટ, સને ૧... ...ગાવીનો એક્ટ, સને ૧૮૮૪નો ૧૨મો, લોકલ ફન્ડ બાબતનો એક્ટ, ઈ... ...એક્ટ, ગુજરાતના તાલુકદારનો એક્ટ, બંદરો બાબતનો એક્ટ. ...નરવાનો એક્ટ. મ્યુનીસીપાલ એક્ટ, જમીન લેવા બાબતનો એ... ...તાનો એક્ટ, જંગલી પક્ષી તથા શિકારના રક્ષણ બાબત ...બાબતનો એક્ટ, હિંદુસ્તાનનો તારીફનો એક્ટ, જ... ...તનો એક્ટ, જંગલનો, વતન બાબતનો એક્ટ, ફરીગેર... ...ક્ટ, જનાવર તરફ ઘાતકીપણું અટકાવવાનો એક્ટ, સેનીટ... ...થા વર્તમાનપત્રો અને બુક નોંધવા બાબતનો એક્ટ, વર્તમા... ...થા યુદ્ધ સામગ્રી બાબતનો એક્ટ, ફટકાની શિક્ષા કરવા બા... ...વગેરે. કિ. માત્ર રૂ. ૫) પોષ્ટ ૦—૭—૦ હવે જુજ કોપી

...લાલ ડી. દવે, અધિપતિ—...

દવેનું સુંદરી સાથી. (રજીસ્ટર્ડ)

મંગાવો—તે સ્ત્રીઓના તમામ રોગને માટે અક્સિર નીવડયું છે. સ્ત્રીઓનાં કોઈપણ દરદ જેવાં કે પ્રદર, રક્ત અને શ્વેત જેથી ગુહ્યસ્થાનમાંથી ચીકણી, ધાટ્ટી, પીળી, મળ ગુગળી અગર લાલ રંગની લોહી જેવી રસી વહ્યાં કરે છે, પેશાબે અગ્ન બળે, હાથ પગ ના તળીઆમાં, કેડોમાં, માથામાં અને કોઇ વખતે આખા શરીરમા સણુકા મારે, ફાટ, ચુસ અને કળતર થાય, ઝીણો તાવ હંમેશાં ̣ ̣વે, શરીર સુકાઈ પીળી પુણી જેવું થાય, ̣ ̣ોનં તેજ કમી થાય, દિવસે દિવસે શરી- ̣ ̣ થાય, અશક્તિ આવે અને ̣ ̣ આખો દિવસ કેડો અને ̣ ̣ ઉવેરણ, દમ, ખાસી ̣ ̣ સિક-અટકાવ-દસ્તા- ̣ ̣ શયની પીડા, કસુ- ̣ ̣ મ રોગ અને ̣ ̣ આ સુંદરી ̣ ̣ ̣ યુવાન અને ̣ ̣ રકે સ્ત્રીએ હમેશાં વાપરવા લાયક છે ̣ ̣ થી તેઓના તમામ રોગ મટાડી શરીર પુષ્ટ કરી દસ્તાનના રોગો થવા પામતા નથી અને ગર્ભાશયને ગભ ધારણ કરી શકે તેવું બનાવી પુખ્ત વયે ગભ ધારણ થાય છે. પીવામા સ્વાદિષ્ટ છે. બાટલા ૧ ની કીંમત રૂ. ૧) ત્રણ બાટલીના રૂ. ૨—૪—૦ પોષ્ટ ૦—૭—૦

સુંદરીસાથીના ખાસ ગુણ.

૧ નાની બાળકીઓને પાવાથી શરીર પુષ્ટ રાખી યુવાન અવસ્થામાં પ્રદર વિગેરે ̣ ̣ થી થવા દેતુ નથી. ૨ યુવાન સ્ત્રીઓને ̣ ̣ વિમાથી બચાવી ગર્ભાશયને સુધારી ̣ ̣ કરી શકે તેવું બનાવે છે. ૩ ગર્ભ ̣ ̣ નાથી અધુરે માસે ગભ પડતો ̣ ̣ નું પોષણ કરી પૂર્ણ માસે વિના ̣ ̣ થાય છે. ૪ સુવાવડ પછી પી- ̣ ̣ રોગ થતો નથી. બાળકને પુષ્ટ ̣ ̣ દુધ બનાવે છે અને બાળ-કનું શરીર પુષ્ટ રહે છે. ૫ સ્ત્રી રોગ તમામ મટાડે છે. હંમેશાં પીવાથી સ્ત્રી તંદુરસ્ત રહી શકે છે. પ્રદર વિગેરે વ્યાધિ થતા નથી. ૬ વૃદ્ધાવસ્થામાં પીવાથી શરીર પુષ્ટ અને તંદુરસ્ત યુવાન જેવું રહે છે, અને વૃદ્ધાવસ્થાને અટકાવે છે.

દરેક સ્ત્રીએ બાળકીથી વૃદ્ધ થતા પર્યંત આ બાટલી પાસે રાખવીજ જોઇએ.

સુંદરી સાથીના સંબંધમાં

નવાબશાહથી એન્જીનીયર કલ્યાણજી અરજણ લખે છે કે, આપના તરફથી સુંદરી સાથીની બાટલી ૬ મગાવી અમારી સ્ત્રીને પીવરાવી છે તેમાં સફેદ પ્રદરની તમામ શાંતિ થઈ છે. હવે શરીરમાં તાકાદ આવી છે. અનેક દરદ એથી શાંત થયાં છે. સુંદરીસાથીની દ- વાના જે ગુણ આપે દરસાવ્યા છે તે ખરેખર ફાયદાકારક છે. હું તન મનથી સરટીફીકેટ આપું છું કે આવી દવા આપ ખરા ગુણવા- ળી ને ઇશ્વરી સત્તાવાળી દવા બનાવો છો. હજુ હું મારા મિત્રોને ભલામણ કરૂં છું

ખરવાસાથી ઘેલાભાઇ ગીરજાશંકર લખે છે કે તમારી સુંદરી સાથી દવા મેં મંગાવી વાપરી હતી તેમજ તેના સારા ગુણની વિશેષ હકી- કત જનસમુહને સમજાવવામાં આવે છે.

મુંબાઇથી ત્રવાડી રતીલાલ પ્રભાશંકર લખે છે કે તમારી સુંદરી સાથીની બાટલી મોકલી તથા આરામ છે તેથી બીજી ત્રણ બાટલી વી. પી. થી મોકલશો. દવા ઘણીજ સારી અને ઉત્તમ છે.

નાંદોદથી માણેકલાલ દુવારકાદાસ લખે છે કે આપની સુંદરી સાથીના દવાથી અમારી બૈરીને દરદ આરામ છે. માટે તુરત બીજી ૩ બાટલી વી. પી. થી મોકલો. રોગ મટવાથી તમારા હકમાં દુવા દઇએછીએ.

ખાખી જાળીયાથી એન. જી. બાહવીઆ લખેછે કે, હાલમાં સુંદરી સાથીનો સારી રીતે ઉઠાવ છે અને ઘણા તરફથી તે બાબત ધન્યવાદ મળ્યો છે.

અમૃતપાન—નો પણ એક આસામી તર- ફથી પ્રસંશા પત્ર આવેલ છે.

જો. [illegible] અમદાવાદ.

તમામ રોગને મટાડી અખૂટ શક્તિ આપનાર.

सर्व व्याधिहर गुटिका.

આ તમામ રોગ મટે છે એટલુંજ નહિ પણ તે નપુંસકને ખરૂં પુરૂષાતન આપી પહેલવાન અને પુષ્ટ બનાવી વિર્યની વૃદ્ધિ કરી વિજળીક શક્તિ આપે છે. એ ઉપરાંત આ દવાથી તમામ જાતના રોગ મટે છે. કોઈ પણ રોગ થયો કે માત્ર બે ગોળી તેની સાથેના છાપેલા અનુપાન સાથે ખાવી કે તુરતજ તે રોગ મટે છે અનુભવ સિદ્ધ અને અકસીર છે. કીં. ડબી ૧ ના રૂ. ૩ પો. ૦–૩–૦

નપુંસકને ખરૂ પુરૂષાતન આપનાર આ એકજ દવા વિજયી નીવડી છે.

આપની સર્વ વ્યાધિહર ગુટિકા મેં ખાધી છે અને તે ઘણીજ સારી છે અને તમામ રોગને મટાડે છે તેવો મેં અનુભવ કર્યો છે તે દરેક માણસે એકેક ડબી ઘર રાખવાથી ડાક્તર કે વૈદની જરૂર પડતી નથી. શીવશંકર કાશીરામ—સીઆએ

પત, વિષ્ફોટક જેવા ગરમીના તમામ રોગ મટાડી પુષ્ટ કરનાર

विष्फोटक मसा चांदी पील्स.

આ દવાથી ખરાબ રસ્તે જવાથી કે એવાજે બીજા કારણથી પુરૂષ તેમજ સ્ત્રી થતો વિષ્ફોટક તથા પત રોગ કે જે અસાધ્ય ગરમીનો રોગ મનાય છે તે જે રોગથી આ ઉપર ચકામાં પડી રસી વહ્યા કરે છે અને હાથ પગના ટેરવાં ખરી જાય છે જે ઘણુ દવાઓ કર્યાં છતાં મટતો નથી તે રોગ તેમજ ચાઠા, ટાંકા, ઉપદંશ, નાસુર, પત, કંઠમાળ વિગેરે ગરમીના તમામ રોગ એકદમ મટે છે. ઘણા માણસોના અસાધ્ય રોગો આ દવાથી મટયા છે. જેણે હજારો દરદીઓને ફાયદો આપ્યો છે તેવી આ એક અનુભવ કરેલી विष्फोटक गुटिका એકવાર અનુભવ કરવા મંગાવો અને રોગને નિર્મૂળ કરો. પંદર દિવસમા આરામ થાય છે, ડબાની કીં રૂ. ૨–૦–૦ પો. ૦–૪–૦

कामरस गुटिका—આ દવા કે જે નાજુક સ્ત્રીઓને વારંવાર ગર્ભ રહેવાથી શરીરનો બાંધો અશક્ત થઇ જાય છે અને તથા ગર્ભપાત જેવા મહા ભયંકર દુઃખ તથા શરીરને મરણ તુલ્ય પીડા આપે છે તેમન માટે બનાવી છે. આ દવાનું સેવન કરવાથી પોતાના ધણી સાથે સભોગ થવા છતા પણ આને ગર્ભ રહેતો નથી, અને તેથી પોતાનું નાજુક શરીર મજબુત રાખી શકે છે. કીં. રૂ. ૫.

जय गुटिका—આ દવાનો ઉપયોગ કરવાથી સ્ત્રીઓના ગુપ્ત રોગો મટાડી અટકાવ લાવે છે. એટલે જે સ્ત્રી રજસ્વળા થતી ન હોય તેને તેમજ જેને બબે ત્રણ ત્રણ માસ સુધી અટકાવ આવતો ન હોય તેઓ આ દવાનો ઉપયોગ કરવાથી રજસ્વળા થાય. કીં.રૂ.૧).

ખરજવાનો મલમ—ખરજવું અને હાડગંભીર મુળમાથી મટે છે. સાબુથી ધોઈ આ મલમ દિવસમાં ત્રણ વખત ઘસવો કીં. ૦–૮–૦. હવે કેમીકલ વર્કસ—અમદાવાદ.

આનંદવટી—ગમે તેવું અજીરણ, ચુંક, ખાધું ન પચવું, ઝાડો, નળબંધ વાયુ અને ગોળો મટાડી ખાધું પચાવી જઠરાગ્નિ પ્રદિપ્ત કરી ઝાડો ખુલાસે લાવે છે. બા. ૧ની કીં રૂ. ૧–૦–૦. હવે કેમીકલ વર્કસ—અમદાવાદ.

દરેક ઘરમાં એક ઉપયોગી વસ્તુ તરીકે રાખવા લાયક.

વૈદક શિક્ષક.

આ નામનું એક ઉપયોગી પુસ્તક અમારા તરફથી થોડાજ વખતમાં બહાર પડશે. આ પુસ્તક ગરીબ અને તવંગર દરેક માણુસને ઉપયોગી થાય અને નુકશાન અને ખર્ચથી દરેક માણુસ બચે તે અર્થેંજ લખવામાં આવ્યું છે.

આયુર્વેદ વૈદક સંબંધના શ્રી ચરક, સુશ્રુત, વાગભટ્ટ માધવ નિદાન, નિઘંટ, શારંગધર, ભાવપ્રકાશ, યોગ રત્નાકર, રસ રત્નસમુચ્ચય વિગેરે અનેક ઉપયોગી અને મહત્વના ગ્રંથો છે. આ ઉપરાંત વૈદકનાં યુનાની પુસ્તકો કે જે ઉર્દુ લીપીમાં લખેલાં છે અને તેમાં ઉપયોગી વૈદક ટુચકાઓનો સંગ્રહ હોય છે તેનું તેમજ પાશ્ચિમાત્ય વૈદક વિદ્યા કે જે આજે ઘણે ભાગે પ્રમાણભૂત ગણાય છે. ડોકટરો તેજ દવાથી પોતાના સંપૂર્ણ કારભાર ચલાવી દરદીઓને સાજા કરી શકે છે. તે વિષેનાં મેટરીઆ મેડિકા જેવાં ઉત્તમ પુસ્તકોનું દોહન કરી તેમની એલોપેથી, હોમીયાપેથીક, બાયોકેમીક વિગેરે સર્વેની એકત્રતાનું વર્ણન કરવા દરેકજ વૈદ હકીમ કે ડોકટરને ત્રણે વિદ્યાનું જ્ઞાન થાય એ હેતુથી આ પુસ્તક બનાવ્યું છે.

ઉપરાંત દરેક રોગ, તે ઓળખવાની રીત રોગની પરિક્ષા, ને રોગ થવાનાં કારણો ને તેમાં સપ્રમાણ આયુર્વેદી, યુનાની અને અંગરેજી ઔષધો આપવામાં આવ્યા છે. ઉપરાંત આયુર્વેદિય ક્વાથો, ચુર્ણો, ગુટિકાઓ, ભષ્મો, રસો, ગુગળ, આસવો, અવલેહો, પાકો, મુરબ્બા, અંજનો, તેલો, ઘૃતો અને યુનાની નુસ્ખાઓ. ઈંગ્લીશ ટીંચરો, ક્ષારો, એસીડો, અને અર્કો ઉપરાંત ઘણી અંગ્રેજી દવાઓની બનાવટો અને [illegible] પ્રશ્નો આપવામાં આવ્યાં છે. આમ, આયુર્વેદ, યુનાની અને ઈંગ્લીશ દવાઓનું [illegible]ણું બરાબર રીતે વર્ણવવામાં આવ્યું છે.

આ એકલુંજ પુસ્તક ખરીદવાથી આયુર્વેદના તમામ પુસ્તકોનું જ્ઞાન યુનાની વૈદક અને પાશ્ચિમાત્ય વૈદકનું સંપુર્ણ જ્ઞાન થઈ શકે છે દરેક મનુષ્યે આ પુસ્તક ઘરમાં રાખવુંજ જોઈએ. દરેક વૈદે ડોકટરે અને હકીમે જો સંપૂર્ણ જ્ઞાન મેળવવું હોય તો તેમણે આ પુસ્તકના ગ્રાહક થવુંજ જોઈએ. આ પુસ્તકની કીંમત રૂ. ૪ છે, પો. ૦—૮—૦ છે, છતાં પણ તેના અગાઉથી ગ્રાહક થનાર પાસેથી રૂ. ૩ લેવામાં આવશે.

દ્રવ્યવાન થવા ઇચ્છનાર સજ્જનો માટે થોડાજ વખતમાં બહાર પડશે.

ધનવાન્.

આ નામનું પુસ્તક મંગાવો. જે થોડાજ વખતમાં બહાર પડશે જે વાંચી તે પ્રમાણે અનુભવ કરવાથી અવશ્ય તમો ધનવાન થશો. આજેજ ગ્રાહકમાં નામ દાખલ કરાવો.

તેની અંદર દરેક માણસ ધનવાન શી રીતે થાય, ગમે તો ગરીબ હોય કે તવંગર હોય તોપણ તે પૈસા શી રીતે મેળવી શકે તે માટે અનેક ઉપાયો યોજવામાં આવ્યા છે

તેમાં હજારો હુનરો, હુન્નર કળાઓ કે જે ઘેર બની શકે તેવા જુદી જુદી જાતના વ્યાપારો કેવી રીતે કરવા, ધંધો કેવી રીતે વધારે વધે અને તેવાજ હુન્નરો વિષયો ઉપરાંત સંપૂર્ણ હકિકતો તેમાં દ્રષ્ટાંત સહિત આવશે. તેના અંદર જે જે ઉપાયો સેવવાથી આજે ઘણા ધનવાન થયા છે તે તે તમામ ઉપાયો તેમાં સરળ રીતે આપવામાં આવ્યા છે, અને તે દરેક માણસ સરળ રીતે અનુભવમાં ઉતારી શકશે કે જેથી કરીને અવશ્ય ધનવાન થશે. કીંમત માત્ર રૂ. ૩—૦—૦ પાકું પુઠું, ગ્લેઝ કાગળો અને સુંદર બાઈન્ડીંગ અગાઉથી ગ્રાહક થનાર પાસેથી માત્ર રૂ. ૨—૦—૦ લઈશું.

જેઠાલાલ દેવશંકર દવે. મુ. અમદાવાદ.

વધરાવળ ગુટિકા—આની દરરોજ બબ્બે ગોળી દીવેલ રૂા. ૧) ભાર સાથે ખાવી. સવાર તથા સાંજ બે વખત આ દવા ખાધાથી વધરાવળ, આંતરડાનું ઉતરવું અંતરગળ અને સારણ ગાંઠ મટે છે. ઘણી અકસિર છે ડબીની કીં. રૂ. ૨) ચોપડવાનો મલમ કી. ૦-૮-૦. સવાર સાંજ આ દવા ચોપડવી. કી. ૦-૮-૦,

બરોળ નિવારણ ગુટિ—પેટનું ફુલી જવું, બરોળની ગાંઠ, પાંડુરોગ કમળો અને કમળી મટાડી લોહી શુદ્ધ કરે છે. સવારમાં બે ગોળી ખાવી. ડબીની કીં, રૂ. ૧)

દમ શ્વાસ નિવારણ ગુટિકા—દમ, શ્વાસ, કફ અને ઉધરસ ઉપર અક્સિર નીવડી છે. રોજ સવારમાં બે ગોળી મધ તથા સાકર સાથે ખાવી. ડબીની કીં રૂ. ૩)

કોઢ નિવારણ ગુટિ—આ દવાથી ધોળા કોઢ મટે છે. બે ગોળી સાંજે ગમે તથા બાવચીના રસમાં ખાવી. મરચાં, તેલ, આંબલી ખાવી નહી. ડબી. ૧ ની. કિં રૂ. ૩). પો. ૦-૪-૦. **ચોપડવાનો મલમ**—ડબીની કી. ૦-૮-૦.

ઘા તેલ—વાગવાથી થયેલો ઘા અને ચાંદાં તથા ગુમડાં મટી રૂઝ આવે છે. આ તેલ વાગેલા જખમ ઉપર લગાવી ઉપર રૂ દાબી પાટો બાંધવો. બા. ૧ની કી. ૦-૪-૦

પેન હર બામ—આ દવાથી માથાનો દુઃખાવો, વા, હાથ પગના સણકા, સંધિ કળતર અને શુળ મટે છે. દુઃખતા ભાગ પર ઘસવું. બા. ૧ની કી. ૦-૮-૦.

સુરમો—આંખના તમામ રોગ મટાડી તેજ વધારે છે, ફુલ છારી અને રતાં પણું મટે છે તોલાની કીં. રૂા. ૧)

આંખના ટીપાં-આઇડ્રોપ્સ—દુઃખવા આવેલી આંખો મટે છે. કીં. ૦-૪-૦.

દવેનું બાલામૃત—બાળકોના તમામ રોગ મટાડી શરીર પુષ્ટ કરે છે. રોજ બબ્બે ટીપાં દિવસમાં ત્રણ વખત નવટાકથી પાશેર દુધ સાથે પાવાં. કીં. ૦-૮-૦.

નેત્રફુલ નિવારણ ગુટિ—ત્રણ વરસ સુધીનું ફુલ આ ગોળી આંજવાથી મટે છે. સવાર તથા સાંજ બે વખત ગોળી પાણી સાથે ઘસી આંખમાં આંજવી. વળી ઝાંખ. છારી અને પડળ મટે છે ડ. ની. કી. રૂ. ૫).

પ્રમેહપીલ્સ—દરરોજ બે ગોળી મધ સાથે ખાવાથી તમામ પ્રકારના પ્રમેહ, પથરી, મુત્રના રોગો મટાડી શરીર પુષ્ટ કરે છે કીં. રૂ ૨-૦ ૦

हरस निवारण तेल—હરસ ઉપર લગાવવાથી વગર ઈજાએ હરસ ખરી પડે છે. પંદર દિવસ સુધી આ દવા રૂનું પુમડ બોળી હરસ ઉપર ચોપડવી. જેથી બળત્રા બળતી નથી અને પંદર દિવસે હરસ ચીમળાઈને ખરી પડે છે. એક અજાયબી પમાડે તેવું તેલ છે. બા. ૧ ની કીં રૂ ૧. અને **હરસ ગુટિકા** ખાવાથી હરસ મટે છે. કી. રૂ. ૩

દીલ પસંદ વોટર—મુખ ઉપર જુવાનીમાં થતા ખીલ, મસા, અને કરોળીઆ મટાડી મુખનો ચ્હેરો આકર્ષક અને ગુલાબી બનાવી સૌંદર્યતા આપે છે. કી. રૂ ૦ાા

દવેનો દાદરનો મલમ—ગમે તેવી દાદર લાલ કે કાળી મટે છે તે ફરી થતી નથી દાદરપર મલમ રોજ ઘસવો. ડબીની કી. ૦ ૪-૦.

દવેનું એગ્યુમીક્ષ્ચર—તમામ પ્રકારના તાવને માટે અકસિર ઈલાજ સવાર બપોર અને સાંજ ત્રણ વખત પાણી સાથે ચમચી ચમચી દવા પીવી. ગમે તેવો તાવ મટશે. બા. ૧ ની કીં. રૂ. ૦-૧૨-૦ ડઝન બા ની કીં. રૂ ૭)

દવેનું કફ સીરપ—દમ, શ્વાસ, ખાંસી, કફ અને ઉધરસ મટાડે છે. રોજ ત્રણ વખત અર્ધો ચમચો દુધ સાથે પીવું. કી. રૂ. ૧

માથાનો પાવડર—માત્ર બે ચપટી સુંઘવાથી માથું ઉતરી જાય છે. ડબીની કીં. રૂ ૦ાા

દવે કેમીકલ વર્કસ—અમદાવાદ.

JIVAN | જીવન | ...ાન

તે આજ છે કે જે ઔષધના સેવનથી વૃદ્ધ ચ્યવન ઋષિ જુવાન બન્યા હતા.

તે ઉત્તમ દેશી વનસ્પતિનું બને છે. તેમાં એક પણ નુકશાનકારક વસ્તુ આવતી નથી. તે સ્વાદિષ્ટ અને નિર્ભય છે, તે પુરૂષ, સ્ત્રી અને બાળક સર્વના રોગોને જડમૂળથી મટાડે છે.

નબળાઈ, પાંડુ, ખાંસી, ક્ષય, સંગ્રહણી, મરડો, અમ્લપિત્ત વધ્યા હોય, નપુષકપણું તથા ધાતુવિકારના દરદો મટાડી વિર્ય અને શક્તિ આપવામાં તો આ એકજ દવા સર્વોત્તમ અને નિર્ભય નિવડી છે. મગજનું કામ કરનારા માટે તો એક ઉત્તમ રસાયન છે. બુદ્ધિ, યાદશક્તિ અને કાંતિને વધારે છે. ડબાની કીં. રૂ. ૧–૮–૦ એક વાર વાપરી ખાત્રી કરવા ભલામણ છે.

રક્ત શોધક—સારસાપરીલા.

આ પ્રવાહી દવા દેશી તાજી વનસ્પતિમાંથી બનાવવામાં આવે છે. લોહી બીગાડ ચામડીના તમામ દર્દોમાં આ દવા અકસીર નીવડેલ છે. ઉપદંશ એટલે ગરમીના લોહી બિગાડના અનેક વિકારોને મટાડી લોહી સુધારે છે ઉપદંશના સાંધા, ગળાની નાસુર, ભગંદર, વિસ્ફોટક, ચાંદી, ચાંદાં, વ્રણ વગેરેને મટાડી રૂઝ લાવે છે. કિંમત બો રૂ. ૧.) ચાર બાટલીના રૂ ૩–૦–૦

દ્રાક્ષાસવ—આ 'દ્રાક્ષાસવ' નો ખાસ ગુણ પાચનક્રિયા, લોહી તથા શક્તિ વધારના છે. અતિ ક્ષીણ થએલા દરદીને આપવાથી તે એકદમ હુશીઆરીમાં આવે છે. લોહીની મંદ પડેલી ગતિને વધારી છાતીને જોર આપે છે. છાતીનો દુઃખાવો, હૃદયનો રોગ (હાર્ટડિઝીઝ) ખાંસી તથા ક્ષયમાં સારી મદદ કરે છે. શૂળ, ચુંક, ફુલટી, આફરો, ગોળો, અજીર્ણ અને ઝાડાનો કબજો વગેરે પાચનની વિક્રિયાનાં દરદોને મટાડી ખોરાકને પચાવે છે. પેનકીલર અને પોર્ટવાઇનની બરોબરી કરનાર આ એક જ દેશી દવા છે. તેમાં બીલકુલ નિશો આવતો નથી. આ દ્રાક્ષાસવ દારૂના વ્યસનમાં ડુબતાં અને ક્ષીણતા પામતાં માણસોને બચાવી તેમને તંદુરસ્ત બનાવે છે. રતલ ૧ નો રૂ ૧–૮–૦

દવેનું વાલવિનાશક તેલ—આ એક અજાયબી પમાડે તેવું તેલ છે. તેનાથી બળત્રા બળતી નથી, ચામડી કાળી પડતી નથી તેમજ ખરાબ વાસ આવતી નથી, પરંતુ વાળ કાઢવાની જગ્યા ઉપર લગાવવાથી તે જગ્યાના વાળ વગર અડચણે એક મીનીટમાં ખરી પડે છે, અને ચામડી સાફ જણાય છે. ઉપરાંત વીંછી ઉતારે છે, ખસ દાદર અને ખરજવું મટાડે છે. બા. ૧ની કીં. ૦–૮–૦ ત્રણ બા. ની કીં. ૧–૪–૦ પો. ૦–૪–૦.

ક્ષય નિવારણ ગુટિકા—ક્ષય એટલે શરીર ઘસાતું ચાલ્યું હોય તે ઘસારાને અટકાવી શરીરમાં કૌવત ભરવા માટે આ ગોળીઓ ઘણીંજ અકસીર માલમ પડેલી છે. તેની સાથે તે નીચેનાં દરદોને મટાડી શકે છે.

છાતીની નબળાઈ, હૃદય એટલે હાર્ટનો થડકો, ફેફસાંની નબળાઇ, શ્વાસ તથા ખાંસી. જીર્ણતાવ તેમજ ક્ષય સાથેનો તાવ, મગજની અશક્તિને મટાડી જ્ઞાન તંતુઓને જોર આપે છે. સામાન્ય રીતે શરીરના ત્રણે દોષને સમાનતામાં લાવીને ઘણાંક દરદોની શાંતિ કરે છે કિંમત ગોળી ૧૦૦ ની ડબીના રૂ. ૩–૦–૦

હેર ગ્રો ઓઇલ—વાળને મજબુત બનાવી લાંબા વધારે છે. માથાના ખોડાથી ઉંદરીથી કે ટાલથી વાળ ન ઉગતા હોય તો આ તેલનો ઉપયોગ કરવાથી વાળ ઉગે છે, દાઢી મુછ જ્યાં વાળ ન ઉગતા હોય ત્યાં આ તેલ લગાવવાથી વાળ ઉગે છે. લાંબા અને કાળા ભમર જેવા સુંવાળા અને નરમ રેશમ જેવા વાળ વધારવાની ઇચ્છા રાખનાર સ્ત્રી પુરૂષે આ તેલનો અનુભવ કરવા ખાસ ભલામણ છે. તેની બનાવટ ગાસતેલીઆ તેલની નથી પણ ચોખ્ખા તલના તેલની છે જેથી માથામાં નુકશાન ન કરતાં ઠંડક આપે છે. વળી સુગંધમાં પણ બરાબર છે. બા. ૧ની કીં રૂ. ૧–૦–૦. **દવે કેમીકલ વર્કસ—અમદાવાદ.**

સ્વદેશ બંધુઓને અપીલ

ભાગ્યોદયનાં ગ્રાહકોને મળતા લાભો તરફ દૃષ્ટિ નાંખો અને ગ્રાહકો વધારવા તજવીજ કરો.

મફત. ભાગ્યોદયના ગ્રાહકોનેજ મફત.

ઘરનો વૈદ્ય.

યાને

ફેમીલી ડોકટર.

(દશ ભાગમાં)

તેમાં નિચે પ્રમાણે વિષયો આપવામાં આવ્યા છે.

શરીર સ્થાન—ભાગ ૧ લો. પ્રકરણ ૧–શારીર, માથું, ધડ, કરોડ, ખોપરી, ચ્હેરો, દાંત, ગરદન, છાતી, ખભો, હાથ, પગ, સાંધાનાં હાડકાં, સ્નાયુ, ચરબી, રસ અને શ્લેષ્મ ત્વચા, સ્તન વિગેરે.

પ્રકરણ ૨—ખોપરીના અવયવો, મગજ, કરોડરજ્જુ, મંજા તંતુનું વર્ણન.

પ્રકરણ ૩—છાતીના અવયવો, રક્તાશય, ફેફસાં, શ્વાસ નળીનું વર્ણન.

પ્રકરણ ૪—પેટની પોલના અવયવો, અન્ન માર્ગ, અંતર્ગ્રીવા, અન્નાશય, આંતરડાં કલેજાં, પિત્તાશય, બરોળ, પેંક્રિયાસ, મૂત્રપીંડ, બસ્તીના અવયવો, મૂત્રાશય, વિર્યાશય અને મલાશય.

૨ ઇંદ્રિય વિજ્ઞાન સ્થાન—ભાગ ૨ જો. પ્રકરણ ૫ મું લોહિ, લોહીને ફરવાનાં સાધનો હૃદય, નાડી, ધમની, કેશવાહિની, શિરા. પ્રકરણ ૬ શ્વાસોશ્વાસ, શ્વાસ નળી, જીવન શક્તિ, મૃત્યુ, પ્રાણીજ ઉષ્ણતા. પ્રકરણ ૭ મું. અન્ન અને તેનો ઉપયોગ, અન્નનાં કાર્યો, પ્રકરણ ૮ મું. પચનક્રિયા, થુંકનો ઉપયોગ, હોજરીમાં થતી પચનક્રિયા, કલેજાનીક્રિયા, પિત્ત, મોટાં આંતરડાં, વાયુ અને પવન, અન્ન પરિપકવ, રસ, રક્ત, માંસ. મેદ, અસ્થિ, મજ્જા વીર્ય, પ્રકરણ ૯ મું. મજ્જા તંતું (જ્ઞાન તંતું) મજ્જા તંતું, કરોડ રજ્જુ, મગજ, નાનું ભેજું, પૉન્સવેરોલી, મેડયુલા ઓબ્લોગેટા, મગજના મજ્જા તંતુઓ. પ્રકરણ ૧૦ મું. જ્ઞાનેંદ્રિયો, ઘ્રાણેંન્દ્રિય, નાક, દર્શનેંદ્રિય–આંખ, શ્રવણેંદ્રિય–કાન, સ્વાદેંદ્રિય–જીભ, સ્પર્શેંદ્રિય–ચામડી.

૩ નિદાન સ્થાન—ભાગ ૩ જો. પ્ર. ૧૧ મું નિદાન સ્થાન પ્ર. ૧૨ સ્પર્શ પરીક્ષા નાડી પરીક્ષા, વાત, પીત, કફની નાડી, તાવની, આમની નાડી, પ્રા. ૧૩. અંગરેજી રીતે નાડી પરીક્ષા, ઉતાવળી, ધીમી, ભરેલી, નાની, સખત, અનિયમિત, આંતરીયા નાડી પ્રા. ૧૪ –ત્વચા પરીક્ષા, ઠંડી, ગરમ, ભીની અને સુકી ચામડી, થરમામેટરથી પરીક્ષા. પ્રા. ૧૫

શ્રવણ પરીક્ષા પ્ર. ૧૬ દર્શન પરીક્ષા, જીભની પરીક્ષા લાલ, ફીકી, મેલી, કાળી, જીભ, નેત્રપરીક્ષા, ચ્હેરાની પરીક્ષા ફીક્કો લાલ, ચિંતાતુર, ફુકાયલો ચ્હેરો, ત્વચા પરીક્ષા, મળ પરીક્ષા અને પ્રશ્ન પરીક્ષા.

૪ સૂત્ર સ્થાન—ભાગ ૪ થો, પ્રા. ૧૭ આરોગ્યતાને ઉપયોગી કુદરતી નિયમો, પ્ર. ૧૮ હવા. પ્ર. ૧૯ પાણી, પ્ર. ૨૦ આહાર, પ્ર. ૨૧ બાળલગ્ન, કસરત, વસ્ત્રો, નિંદ્રા, સ્વચ્છતા.

૫ વનસ્પતિ વિભાગ—ભાગ ૫ મો. અકારાદિગણથી—એટલે કે અકલગરાથી માંડીને હીરાબોળ અને હેમકંદ સુધી—અ થી હ સુધીના નામવાળી તમામ પ્રકારની વનસ્પતિનાં નામ, સંસ્કૃત વિગેરે નામ, તેનું ઓળખાણ, ગુણ અને કયા રોગોમાં તેને કેવી રીતે વાપરવાથી મટે છે વિગેરે વનસ્પતિ સંબંધી તમામ હકીકત—યાને વનસ્પતિકોષ.

૬ ઔષધિ વિભાગ—ભાગ ૬ ઠો, પ્રા. ૨૩ ઔષધોના ગુણ દોષ, પ્રા. ૨૪ ઔષધોનું વજન, તથા દવાઓ બનાવવાની ક્રિયા. પ્રા. ૨૫, દવાઓ કેવી રીતે કયા વખતે આપવી, પ્રા. ૨૬, દવાઓ કેવા રૂપમાં આપવી, સ્વરસ, કવાથ, ફાન્ટ, હિમ, મન્થ, કલ્ક, ચુર્ણ, ભાવના, ગોળી, બંધારણ, પ્લોટીશ, ક્ષાર, પુટપાક, અંજન વિગેરે દવાઓ કેવી રીતે બનાવવી તે. પ્રા. ૨૮, સ્વરસ, આંબળાં, તુલસી, જાંબુ, આમ્રપલ્લવ, જામ્બાદિ, કુટજત્વ, સ્યોનાકત્વ, કુષ્માંન્ડ, શંખીની, વટગ્રંથા, શતાવરી, અને બીજુર સ્વરસ, તેના ગુણ. પ્રા. ૨૮, પુટપાક, અરલુ, શુંઠી, દાડિમ, વાસા, બીભીતક, કંટકારી સુરણ વિગેરે પુટપાકો.

પ્રા. ૨૯. કવાથ. અમૃતાષ્ટક, અતિવિષાદિ, અર્કાદિ, અવળ ગુંજાદિ, અગ્નિમંથ, અભયાદિ, આરગ્વધાદિ, ઇંદ્રિયવાદિ, કંટકાર્યાદિ, કુટજાષ્ટક, ખાંસીની, ગુડુચ્યાદિ, ગ્રથ્યાદિ, ગોક્ષુરાદિ, ચાતુર્ભદ્રાદિ, જલધરાદિ, તિકતાદિ, ત્રિફલાદિ, દશમૂળાદિ દાર્વ્યાદિ, દ્રાક્ષાદિ, દ્વાત્રિંશાંગ, દેવદાર્વ્યાદિ, ધાન્યપંચક, નાગરાદિ, નિંબાદિ, નિદિગ્ધકાદિ, પટોલાદિ ૧ થી ૪, પથ્યાદિ, ૧–૨, પર્પટાદિ ૧ થી ૩, પિપલી, પુનર્નવાદિ, પુનર્નવાષ્ટક, બૃહદમંજીષ્ટાદિ, બ્રહ્માદિ, ભારંગ્યાદિ, ભૂનિંબાદિ, મુસ્તાદિ, રાસ્નાદિ, લઘુમંજીષ્ટાદિ, લઘુક્ષુદ્રાદિ, વત્સકાદિ, વાસાદિ, ૧ થી ૩, શક્રદ્રાદિ, શાખોટ. શઠયાદિ, શિગ્રુ, શુંઠયાદિ, શૃંગ્યાદિ, સારીવાદિ, સમંગાદિ, સિંહાદિ, ષડંગ, હિબેરાદિ, હરીતકયાદિ, અને ક્ષુદ્રાદિ કવાથ.

પ્રા. ૩૦.—ચૂર્ણો. અતિવિષ, અજમોદાદિ, ૨, અશ્વગંધાદિ, અગ્નિમુખ એલાદિ, આકરકરભાદિ, કટુ, ભર્જીત, કટુકી, ચંદનાદિ, ચિત્રકાદિ, ચોપચીની, જાતિફલાદિ, ત્રિવૃતાદિ દીપ્યાદિ, ધાતકયાદિ, નારાચ, નારસિંહ, નિંબપત્રાદિ, નિંબાદિ, પંચનિંબ, પવિત્ર (૨) પાષાણ ભેદાદિ, પાચક પિપ્પલી, બિલ્વાદિ, મરિચ, મળશુદ્ધિ, મુશલ્યાદિ, મુસ્તાદિ, યવાની ખાંડવ, યવક્ષારાદિ, યષ્ટિમધુકાદિ, રાજવલ્લભ, લશુનાદિ, લઘુસુદર્શન, લવીંગાદિ, લઘુગંગાધર, વજ્રક્ષાર, વિશાલા, વડવાનલ, વૃદ્ધગંગાધર, સમશર્કરા, સુદર્શન, સિતોપલાદિ, અને સારસ્વત ચુર્ણ—વગેરે તમામ પ્રકારનાં ચૂર્ણો બનાવવાની અને વાપરવાની રીત.

પ્રા. ૩૧ ગુટિકા. અર્શગુટિકા, અમરસુંદરવટી, અભયાદિ, અર્કઅહિફેનાદિ, અહિફેનાદિ, અમૃતાદિ, અજમોદાદિ, અમૃતામોદક, આકલ્લકાદિ, કસ્તુર્યાદિ, કન્યાલોહાદિ, કુંકુંમવટી, કૃમિઘ્નવટી, ગંધકવટી, ગુડાદિ, ચંદ્રપ્રભા, દ્રાક્ષાદિ, સંજીવની, મુસ્તાદિ, બૃહત્સુરણવટી, વિષમુષ્ટિ, પથ્યાદિ, શંખવટી, લવીંગાદિ, પ્રાણાદિ, વાનરીવટી, મંડુરવટી

વ્યોષાદિ, વ્યાઘ્રાદિ, મરિચ્યાદિ, આમલકાદિ અને ગુડપિપ્પલી ગુટિકા વિગેરે તમામ પ્રકારની ગોળીઓ બનાવવાની અને વાપરવાની રીત. પ્રા. ૩૨. ગુગળ—અમૃતા ગુગળ, ત્રિફળા, સિંહનાદ, ત્રયોદશાંગ, કિશોર, યોગરાજ, મહા યોગરાજ, પથ્યાદિ ગુગળ અને કાંચનાર ગુગળ, તે બનાવવાની અને વાપરવાની રીત. પ્રા. ૩૩. ફાન્ટાદિ, યવણુ મંન્થ, ખર્જુરાદિ, મધુકાદિ, અને મસુરાદિ મન્થ.

૭ **ચિકિત્સા સ્થાન.** ભાગ ૭ મો. પ્રા ૩૪. તાવ જ્વર, વિષમ જ્વર, જીર્ણ જ્વર, ટાઇફોઇડ તથા ટાઇફસ તાવ, ગાંઠીઓ તાવ પ્લેગ, ઓરી, રતવા કોલેરા, પ્રા. ૩૫. વાત વ્યાધિ, સંધિવા, આમ વાત, પક્ષાઘાત, ઉરૂસ્તંભ, આંચકી, ઉન્માદ ગાંડપણુ, પ્ર. ૩૬. વાતરક્ત—રગતપીત—પત, રક્તપિત્ત, ગંડમાળ, પાંડુ, સોજા, પ્ર. ૩૭—ઉદર રોગ, જળોદર, પ્ર. ૩૮. મગજના રોગો, મગજ ઉપર લોહિ ચઢવું, મૂર્છા, અપસ્માર—વાઇ—ફેફરૂં, ધનુર્વા, શિરોરોગ, પ્ર. ૩૯. શ્વાસોશ્વાસના દરદો, સ્વરભેદ, વરાધ, ઉધરસ—ખાંસી, દમ—શ્વાસ, ક્ષય, ઉરઃક્ષતક્ષય, પ્ર. ૪૦. રક્તાશય, પ્ર. ૪૧—પચન ક્રિયાનાં દરદો, જઠરનાં દરદ, અજીરણ, બંધકોષ, ચુંક, શૂળ આવવું, ગોળો, અતિસાર મરડો, સંગ્રહણી, અરૂચિ, ઉલટી, અમ્લપિત્ત, પ્ર. ૪૨. યકૃત—લીવર—કલેજાના દરદો, કમળો, પ્ર. ૪૩. બરોળ—પ્લીહા, પ્ર. ૪૪. કૃમિ—કરમીયા, પ્ર. ૪૫. હરસ—મસા, પ્ર. ૪૬. મૂત્રાશયના રોગો, ધાતુશ્રાવ, મધુ પ્રમેહ, મૂત્રકચ્છ, મૂત્રાવરોધ, મુત્રાશ્મરી—પથરી, પરમીયો, ઉપદંશ, પ્ર. ૪૭. આંખ, નાક, કાન અને દાંતના દરદો, કાનના રોગો, નાકનાં દરદો, દાંતના દરદો, પ્ર. ૪૮—ચામડીનાં દરદો. પ્ર. ૪૯ પરચુરણ રોગો.

૮ **સ્ત્રીના ખાસ રોગો**—ભાગ ૮ મો પ્ર. ૫૦. પ્રદર, સોમરોગ, યોનીરોગ, દસ્તાન, નષ્ટાર્તવ, પીડીતાર્તવ, અત્યાર્તવ, ગર્ભવંતી સ્ત્રીના રોગો, કસુવાવડ, સુખ—પ્રસવ—ઉપાયો, ગર્ભ ધારણ ઉપાય, સુવારોગ.

૯ **બાળકોના ખાસ રોગો**—ભાગ ૯ મો. પ્ર. ૫૧. બાળકોના દરદો અને તેના ઉપાયો.

૧૦ **વિષ ચિકિત્સા ભાગ**—૧૦ મો પ્ર. ૫૨.

ઉપર પ્રમાણે વિષયો આ પુસ્તકમાં આવ્યા છે. પુસ્તકની કીં રૂ ૨ છે છતાં ભાગ્યોદયના ગ્રાહકને તે મફતજ મળશે. પુસ્તક જોઇ, ખાત્રીજ થશે કે લવાજમ રૂ ૨. તો માત્ર પુસ્તકથીજ વળી જાય છે.

ભલામણ.

અમારા ગ્રાહકોને નવિન વર્ષમાં ગ્રાહકો વધારવા ભલામણ કરીએ છીએ. આ માસમાં થનાર ગ્રાહકને ગઇ સાલની ભેટ.

વિનોદચંદ્ર.

એક બોધદાયક નવલકથા કીં રૂ ૧ ની મફતજ મળશે. આશા છે કે દરેક બંધુ ગ્રાહક રહી નવા ગ્રાહકો વધારવા કૃપા કરશેજ.

સૂચના—આ ઘરનો વૈદ, દરેક ગ્રાહકને લવાજમ માટે વી. પી. થી મોકલવાનું શરૂ કર્યું છે માટે વી. પી. રૂ. ૨—૨—૦ સ્વિકારવા ભલામણ છે.

વ્યવસ્થાપક ભાગ્યોદય. અમદાવાદ.

સત્યમાંજ જય છે. પરોપકાર એજ સેવા છે.

રોગોના પંઝામાંથી, ઉંટવૈદ્યોના ફંદામાંથી અને જાહેર ખબરોના લખાણથી ભોળવાતો પ્રજાવર્ગ બચે, રોગોને સ્હેલાઇથી મટાડી શકે અને પૈસાનો નાહક ખર્ચ ન થાય તેટલાજ માટે અમારા તરફથી—અમારા બંધુઓને નમ્ર વિજ્ઞપ્તિ છે કે,

દવે કેમીકલ વર્કસ—અમદાવાદ.

આ નામની દેશી દવાઓ શાસ્ત્રોક્ત રીતે બનાવવાની ફાર્મસી અમોએ ઘણાં વર્ષોથી ખોલેલી છે. તેનો હજારો દરદીઓ દરવરસે લાભ લઇ પોતાના રોગોથી મુક્ત થાય છે.

અમારી દવાઓનો **TRADE MARK** સરકારમાં રજીષ્ટર થયેલો છે.

કોઇપણ રોગના દરદીએ, વૈદ્યો અને ડોકટરોની દવાઓ કરી કરીને થાક્યા છતાં, નકામા પૈસા બરબાદ કર્યા છતાં પણ ગભરાવાની કે હીંમત હારી જવાની જરૂર નથી. તેણે માત્ર એક પત્ર પોતાની હકીકતનો અમને લખી જણાવવો અને તે બાબતનો પત્ર મળતાંજ તેને યોગ્ય સલાહ અને ઉપાયો મફત બતાવવામાં આવશે. પત્રમાં પોતાના રોગની હકીકત, હાલનાં લક્ષણ, કેટલા વખતથી દરદ થયું છે વિગેરે હકીકત સંપૂર્ણ લખવી.

અત્રે આવેલા દરદીઓના પત્રો ખાનગીજ રાખવામાં આવે છે, અને તેથી લજ્જા કે શરમ રાખી પત્ર લખવાનો સંકોચ રાખવો નહિ.

પેપરોમાં આવતી જાહેર ખબરોથી લલચાઇ, કે ઉંટવૈદ્યોની દવાઓ કરવાથી વખતે રોગ મટવાને બદલે વધે છે અથવા તો રોગ મટે છે તો કોઇ નવા રોગનું મૂળ રોપાય છે. માટે તેવી દવાઓથી સાવચેત રહેવા અમે ભલામણ કરીએ છીએ. તેવી દવાઓ ન કરવી અને કાંઈ ન મળેતો કુદરતોપચાર કરવા એ સારૂં છે.

દવાઓ બનતા સુધી અનુભવી અને વિદ્વાન વૈદ્યો અને ડોકટરોની અથવા તો પ્રતિષ્ઠિત કારખાનાઓનીજ વાપરવી એ અમારા ગ્રાહકોને ખાસ ભલામણ છે.

અમારી દવાઓનો ગયે વરસે લગભગ પાંચ હજાર માણસોએ ઉપયોગ કર્યો હતો. અને તેમને તેથી આરામ થયાના હજારો પત્રો અમારા ઉપર આવી ગયેલા છે. વળી ત્યાર પછી તેમના સંબંધી વર્ગને માટે હંમેશને માટે તેઓ તથા અમારા જુના ગ્રાહકો અમારીજ દવાઓ વાપરે છે.

અમારી દવાઓ માના ધાવણ જેવી છે એટલે તેમાં એકપણ નુકશાનકારક વસ્તુ પડતી નથી. જેથી વગર ધાસ્તીએ દરેક માણુસ વાપરી શકે છે.

અમારી દવાઓ આખા હિંદુસ્તાનમાં, પંઝાબ, બંગાળા, બ્રહ્મદેશ, મધ્ય હિંદુસ્તાન, મુંબાઇ ઇલાકો, રજપુતાના, માળવા, કચ્છ, સિંધ, કાઠીયાવાડ, મદ્રાસ, દક્ષિણ, લંકા ઉપરાંત, આફ્રીકા વિગેરે દુરના દેશોમાં જથાબંધ જાય છે એજ લોકપ્રિયતા છે.

અમે તાજી વનસ્પતિના દ્રવ્યોજ દવાઓમાં વાપરીયે છીએ.

આજકાલ જાહેર ખબરોથી દવાઓનો ફેલાવો ઘણા કરી રહ્યા છે, અને તેમાંથી ઘણા માણસો દવા મંગાવી મંગાવીને અથવા તો કેટલાક ઉંટવૈદોની દવાઓ કરી કરીને કંટાળે છે તથા પૈસાની ખુવારી કરી નિરાશ થાય છે, અને આવા માણસો ઉપર ખરેખર અમને દયા આવે છે. પરમાત્મા તેવું કરવાની અમને બુદ્ધિ ન આપે એજ અમારી પ્રાર્થના છે.

અમને કોઇપણ દવાને માટે ખુલાસો પૃછવાથી તેને યોગ્ય સલાહ મફત આપવામાં આવે છે. પછી દવા અમારી કરે કે બીજાની કરે તે પોતાની મરજી ઉપર છે.

તમને, ત્હમારાં સ્ત્રી છોકરાંને કે કુટુંબ મિત્રોને રોગથી સપડાયલા જાણી નિરાશ થશો નહિ. તુરતજ અમને સવિસ્તર હકીકત સાથે પત્ર લખો કે તેની યોગ્ય સલાહ અને ઉપાયો મફતજ લખી મોકલવામાં આવશે.

- **જેઠાલાલ દેવશંકર દવે.**
અધિપતિ ભાગ્યોદય.
પ્રોપ્રાયટર, દવે કેમીકલ વર્કસ—**અમદાવાદ.**

દવે કેમીકલ વર્કસની દવાઓ.

તાવ.

કોઇપણ પ્રકારનો, એકાંતરીઓ, ચોથીઓ, ટાઢીઓ, કે ગમે તેવો રોજીયો કે જીર્ણ-જ્વર આવતો હોય, કોઈ ઉપાયથી મટતો ન હોય તો ગભરાશો નહિ અમને તુરતજ લખી દયો, અને અમારી **જવરવિનાશક ગુટિકા** મંગાવો તેનો ઉપયોગ કરો, તેનાથી તમામ પ્રકારના તાવ ત્રણજ દિવસમાં મટશે, અને શરીરમાં શક્તિ આવશે. હજુ સુધી તો આ દવાથી તાવ ન મટયો હોય એવું જણાયું નથી. ડબી ૧ની કીં. રૂ. ૧—૦—૦.

ઉદરસ—ખાંસી.

ઉદરસમાંથીજ દમ કે ક્ષય જેવા ભયંકર દરદો ઉત્પન્ન થાય છે. આ રોગ થતાંજ અમને લખો અને અમારી.

કાસહર ગુટિ.

મંગાવો. તમામ પ્રકારની ઉદરસ માત્ર એજ દિવસમાં મટી જાય છે. હજારો માણસોને તેથી ફાયદોજ થયો છે. કીં. રૂ. ૧—૦—૦.

સંધિવા, પક્ષાઘાત, વા.

આ દરદ થતાં શરીરના અવયવો રહી જાય છે અને અંદર શૂળો ભોંકાય છે. ઘણી ઘણી દવાઓ કરવા છતાં મટતું નથી. ત્યારે, અમારી

વાતારિ ગુટિકા } વાપરવાથી તમામ પ્રકારના વાના રોગ, સંધિવા અને પક્ષાઘાત વિગેરે રોગો મટી જાય છે. ડબી ૧ની કીં. રૂ. ૨—૦—૦.

વાતારિ તેલ—અને વા ઉપર આ તેલ લગાવવાથી ચસકા કે શૂળ મટી વાનો નાશ થાય છે. કીં. બા. ૧ની કીં. રૂ. ૧—૦—૦.

ઝાડો, મરડો.

આ રોગ કેટલીક વખત ઘણા ઘણા ઉપાયો કરતાં મટતો નથી. ત્યારે રોગી કંટાળી જાય છે અને તેમાંથી સંગ્રહણી જેવા ભયંકર રોગ થાય છે.

મરડાની રામબાણ જેથી, આ દવા તુરતજ મંગાવી ઉપયોગ કરવો. તેનાથી તમામ પ્રકારના ઝાડા, લોહી પડતું હોય તો તે અને મરડો મટાડે છે. કીં. ડબી ૧ના ૦–૮–૦.

સંગ્રહણી.

અતિસાર જીર્ણ થવાથી આ રોગ થાય છે. ઘણી ઘણી દવાઓ કરવા છતાં પણ મટતો નથી અને છેવટે રોગી મૃત્યુવશ થાય છે. માટે આવો રોગ થતાંજ અમને લખી દેવું અને અમારી

સંગ્રહણી નિવારણ ગુટિ } મંગાવવી. આ દવાથી હજારો માણસો સંગ્રહણીના રોગથી બચ્યા છે. આ રોગીઓએ જો મૃત્યુના પંઝામાંથી છુટવુંજ હોય તો અમારી આ દવા મંગાવી ઉપયોગ કરવો. ડબી ૧ની કીં. રૂ. ૨.

શ્વાસ–દમ.

આ દરદ ઘણા માણસોને થાય છે. ઘણી ઘણી દવાઓ કરવા છતાં મટતું નથી, અને આખરે આ જીવલેણ દરદના પંઝામાં રોગીઓ સપડાય છે.

દમ નિવારણ ગુટિકા } થી ઘણા માણસોને આરામ થયો છે. અને દમનો રોગ મટયો છે, માટે મંગાવી ઉપયોગ કરવા ભલામણછે. કીં. રૂ. ૩.

પ્રમેહ–પરમીયો, મીઠો પ્રમેહ.

તમામ પ્રકારના પ્રમેહો, પરમીયો, મીઠો–સાકરીયો પરમીયો, મૂત્રકચ્છ, મૂત્રનો અટકાવ થવો, પેશાબમાં પથરી થવી વિગેરે દરદો ઘણા માણસોને થાય છે. ઘણી ઘણી દવાઓ કરવા છતાં મટતાં નથી, કેટલાકને દરદ દબાઇ જઈ વર્ષે પાંચ વર્ષે ફરી થાય છે પણ મૂળ મુકીને મટતું નથી.

પ્રમેહ નિવારણ ગુટિ } આ દવા એવી ઉત્તમ છે કે તે તમામ પ્રકારના પ્રમેહ, મીઠો પ્રમેહ, મૂત્રના રોગો અને પથરીને પણ મટાડવામાં વિજયવંત નિવડી છે. હજારો દરદીઓને મટયું છે અને મટે છે. માટે આવો ભયંકર રોગ થતાંજ આ દવા મંગાવી ઉપયોગ કરવા ભલામણ છે. ડબી ૧ની કીં. રૂ. ૨–૦–૦.

ઉપદંશ–ચાંદી, વિસ્ફોટક, ગરમી.

આ એક ગરમીનું દરદ છે, ગુહ્યેંદ્રિપર ચાંદી થઇ તેનો વિકાર આખા શરીરમાં ફેલાઇ આખા શરીરમાં ગરમી ફુટી નીકળી ચાંદીઓ પડી જાય છે. ઘણી ઘણી દવાઓ કરવા છતાં મટતું નથી છતાં

વિસ્ફોટક નિવારણ ગુટિકા } આ દવાએ આ રોગને જડમૂળથી મટાડવાને માટે અત્યાર સુધીમાં ઘણુંજ પ્રશંશનિય કામ કર્યું છે. શરીરપરનાં ચકામાં, વિસ્ફોટક અને પત સુદ્ધાં આ દવાથી મટયાના ઘણા દાખલા છે. જો કોઇ પણ ઉપાયે આ દરદ ન મટે તો નિરાશ ન થતાં અમને તુરતજ લખી દેવું. ડબી ૧ની કીં. ૨–૦–૦.

પાંડુ, કમળો.

શરીરના લોહિનું પાણી થઇ જઇ શરીર ફીકકું કે પીળું પડી જાય, શક્તિ રહે નહિ, અને શરીર ગળતું જાય છે તો તુરતજ

કમળાની અકસિર ગુટિકા } મંગાવી ખાત્રી કરો. તેનાથી, પાંડુ, સોજા, ફીકાશ અને કમળો મટે છે. શરીરમાં લોહી ઉત્પન્ન થઇ ફીકાશને બદલે લાલાશ આવી શક્તિ આવે છે. કમળી પણ મટી જાય છે. ડબી ૧ની કીં. રૂ. ૧.

અરોળ.

શરીરની નબળાઇમાં અરોળ વધે છે અને તેથી શરીર સુકાઇ, પેટ વધી હાથ પગ ગળતા જાય છે, અને અશક્તિ વધતી જાય છે.

અરોળ નિવારણ ગુટિકા } આ એક ઉત્તમ દવા છે. તેનાથી અરોળ મટે છે. અને શરીરમાં લોહિનો વધારો થઇ કાયમની શક્તિ આપે છે. ડબી ૧ની કીં. રૂ. ૧-૦-૦.

હરસ.

આ એક દરદ એવું ભયંકર છે કે તે મૂળમાંથી ઘણાને ઘણી ઘણી દવાઓ કરવા છતાં મટતું નથી, અને શરીરને ક્ષીણ કરી પીડા આપે છે.

હરસ નિવારણ ગુટિકા } આ દવાથી તમામ પ્રકારના હરસ, સુકા હોય કે લોહી પડતું હોય તે તમામ મટી જાય છે. વળી મટયા પછી ફરી થવા પામતા નથી. લોહી પડતું બંધ થાય છે, અને મળીનો રોગ મટાડે છે વળી.

હરસ નિવારણ તેલ—આ તેલ હરસ ઉપર ચોપડવાથી વગર બળતરા અને વગર ઇજાએ હરસ ખરી પડે છે. ઘણી ઘણી દવાઓ કરી થાકયા હો તો જરૂર આ દવા વાપરવા અમારી ભલામણ છે. ગુટીકાની ડબીની કીં. રૂ. ૩-૦-૦ તેલની કીં. રૂ. ૧-૦-૦.

હિસ્ટીરીઆ ઉન્માદ અપસ્માર, વાઇ, મૃગીવાયુ.

આ દરદ ઘણી સ્ત્રી અને પુરૂષોને થાય છે. ઘણી ઘણી દવાઓ કરવા છતાં મૂળમાંથી મટતું નથી અને દરદીને કુવા તળાવ, કે અગ્નિનો ભય રહે છે. માટે આ દરદીઓએ અમારી

ઉન્માદ હર૦ ગુટિ } મંગાવી વાપરવી, તેથી ઉન્માદ, ગાંડપણ, મૃગીવાયુ, અને હિસ્ટીરીઆ ઘણા માણસોને મટયા છે આ દવા ખવરાવવી અને

ઉન્માદ પાઉડર } આ દવા સુંઘાડવી. તે પ્રયોગ ચાલુ રાખવાથી થોડા દિવસમાં આ દરદ મૂળમાંથી મટી જાય છે. માટે મંગાવી ઉપયોગ કરવા ખાસ ભલામણ છે. ડબીની કીં રૂ ૨-૦-૦ પાવડરની કીં. ૦-૮-૦

ધાતુક્ષય નામરદાઈ.

નાનપણની કુટેવોથી ઘણા જુવાનીયાઓને આ દરદ થયેલું હોય છે. ઘણા ઉત્તેજક દવાઓ મંગાવી શરીરની ખરાબી કરે છે. તેથી તેમને આ દરદ મટે અને શરીરમાં જાથુની શક્તિ અને પુરૂષત્વ આવે તે માટે અમારી.

ટોનીક પીલ્સ } વાપરવા ભલામણ કરીએ છીએ તેનો ઉપયોગ કરવાથી નામરદાઇ મટે છે અને શરીરમાં જાથુને માટે શક્તિ આપી વીર્યનો વધારો કરે છે. કીં. રૂ. ૧

રાજવંશી યાકૂતિ } આ દવા ખાસ કરીને નપુષકત્વને પ્રાપ્ત પુરૂષો, નામરદો અને નિર્માલ્ય પુરૂષોને ઇશ્વરી બક્ષીસ તુલ્ય છે. શરીરની શક્તિઓ વધારી ખરૂં પુરૂષત્વ આપી વીર્યનો વધારો કરી બળવાન બનાવે છે. રૂ. ૫.

નપુષકત્વારિલેપ } નબળી પડી ગયેલી નસોને માટે આ લેપ લગાડવાથી ખરી જુવાની પ્રાપ્ત થાય છે, અને સ્ત્રી સુખનો લાભ મળે છે. વળી શરીરમાં કૌવત અને બળ આપી વીર્યનો જમાવ થાય છે.

સ્ત્રીઓના રોગો.

પ્રદર.

સ્ત્રીઓને આ એક જીવલેણ દરદ છે. જેમ જેમ જુનુ થતું જાય છે તેમ તેમ જોર વધતું જાય છે ગુહ્ય ભાગમાંથી ધોળી પીળી લાલ કે મળગુગળ રસી વહ્યાં કરવી, શરીર સુકાઇ ધોળી પુણી જેવું થવું, અશક્તિ, તાવ, હાંફ, કેડો, હાથ, પગ, ફાટવા, વિગેરે દરદ થાયછે.

પ્રદર નિવારણ ગુટિકા } આ દરદ ઉપર આ દવા વાપરવાથી પ્રદર શ્વેત કે રક્ત ગમે તેવું હશે જુનું હશે કે નવું તો પણ તેને મટાડી શરીરમાં શક્તિ લાવી લોહીનો વધારો કરે છે અને ગર્ભાશયને સુધારે છે. કીં. રૂ. ૨–૦

આર્તવદસ્તાનના રોગો.

સ્ત્રીઓને માસિક દસ્તાન અનિયમિત આવવાથી, કષ્ટથી આવવાથી, **કષ્ટાર્તવ** અતિશય દસ્તાન આવવાથી **અત્યાર્તવ** અને દસ્તાન બંધ થઇ જાય છે તેને **નષ્ટાર્તવ** કહે છે. આ દરદ સ્ત્રીઓનું ભયંકર દરદ છે માટે તેના ઉપર તુરતજ ઉપચાર કરવા જોઇએ.

જય ગુટિકા } દસ્તાન બંધ હોય કે કષ્ટથી આવતું હોય, દસ્તાન ચઢી જતું હોય તો આ દવાનો ઉપયોગ કરવો તેથી દસ્તાન નિયમસર આવે છે અને અનિયમિતતા કે ચઢી જતા દસ્તાનના રોગને મટાડે છે અને નિયમસર દસ્તાનનો ખુલાસો કરે છે. કીંમત રૂ ૧.

અતિઆર્તવ—એટલે દસ્તાન ઘણું જતું હોય તો **પ્રદર ગુટિકા** વાપરવાથી મટે છે.

સુંદરી સાથી } સ્ત્રીઓના પ્રદરના રોગો અને દસ્તાનના રોગો ઉપર રામબાણ ઇલાજ છે. આ. ૧ ની કીં. રૂ ૧.

સુવારોગ.

સ્ત્રીઓને બાળકનો જન્મ થયા પછી આ રોગ થાય છે. ઘણી સ્ત્રીઓનાં તેથી મૃત્યુ પણ થાય છે. તે ઉપર આ દવા વાપરવાથી સુવારોગ મટે છે. અને શરીરમાં નવસરથી કૌવત આપે છે.

સુતિકા રોગ નિવારણ ગુટિકા }

સુવાવડ પછી દરેક સ્ત્રીને આ દવા વાંપરવાથી સુવારોગ થતો નથી, થયો હોય છે તો મટી જાય છે, ધાવણ શુદ્ધ લાવે છે અને બળ આપે છે. કીં રૂ ૧.

બાળરોગો

બાળકને નાનપણમાં થતાં દરદોની માવજત ન કરવાથી ઘણાં બાળકો મૃત્યુવશ થાય છે.

બાળારોગ્યવટિ } આ દવા બાળકોને નાન પણમાં થતા તમામ રોગ જેવા કે તાવ ઉધરસ દમ, સસણી, વરાધ ઝાડો, ઉલટી હાથ પગ ગળી જઇ શરીર સુકાઈ જવું, ગળું પડવું, વિગેરે મટે છે. અને શરીર પુષ્ટ અને નિરોગ રાખે છે. દરેક ઘરમાં આ ડબીની જરૂર છે ડબી ૧ ની કીં. ૦–૮–૦

બાળ પુષ્ટિકર ચુર્ણ } આ ચૂર્ણ ૧ વાલ ભાર મધ સાથે બાળકને રોજ આપવાથી રોગ થતા નથી અને બાળક પુષ્ટ થાય છે. હાથ પગ વ્હેલા આવી તંદુરસ્ત રહે છે ડબી ૧ કીં. ૦–૮–૦

આ સિવાય તમામ પ્રકારની દવાઓ અમારે ત્યાં શાસ્ત્ર સિદ્ધજ મળી શકશે કોઇ પણ રોગ થાય કે અમને લખી દેવાથી સલાહ અને ઉપાયો મફતજ લખી મોકલવામાં આવશે. અત્યારે હજારો કુટુંબો અમારી દવાઓ વાપરી રહ્યાં છે.

દવે કેમીકલ વર્કસ—**અમદાવાદ.**

નિઃસ્વાર્થ દેશહિતૈષી શ્રીયુત ગોપાલ કૃષ્ણ ગોખલે.*

ગઇ તા. ૧૯ ફેબ્રુઆરી શુક્રવારના રોજ પુના ખાતે, હિંદ ભૂમિના સાચા, અડગ નિષ્ઠાવાન, નિઃસ્વાર્થી, સેવક અને પુત્ર, લોકમાન્ય ઓન. મી૰ ગોપાળ કૃષ્ણ ગોખલે સી. આઈ. ઇનું, ૪૮ વર્ષની નાની ઉંમરે, અકાળે થયલું અતિશય શોચનીય અવસાન દરેક મનુષ્યના હૃદયમાં શોક ઉત્પન્ન કર્યા સિવાય રહેશેજ નહિ.

શ્રીયુત્ ગોપાળ કૃષ્ણ ગોખલેનો જન્મ દક્ષિણના પુરાણા મરાઠી સંસ્થાન કોલાપુરમાં સને ૧૮૬૬ માં મેની તા૰ ૯ મીએ અર્થાત્ સંવત ૧૯૨૨ ના વૈશાખ વદી ૯ ને દિને થયો હતો. તેઓ જાતિએ ચિત્પાવન બ્રાહ્મણ હતા, અને વર્તમાન યુગને અનુરૂપ નવી પ્રતિનો બ્રાહ્મધર્મ તેમણે ઉત્તમ રીતે પાળ્યો છે, તેઓનાં માતપિતા ગરીબ હતાં, છતાં દુઃખેસુખે તેમણે કોલાપુરની હાઇસ્કુલમાં ઇંગ્રેજી શિક્ષણ મેળવ્યું અને સ્થાનિક કોલેજમાં એફ. ઇ. સુધી અભ્યાસ કીધો. તે પછી બી. એ. નો અભ્યાસ કરવા તેઓ મુંબઈની એલ્ફીન્સ્ટન કોલેજમાં દાખલ થયા; અને ૧૮ વર્ષની વયે સને ૧૮૮૪ માં ગ્રેજ્યુએટ થયા. તેઓ વિદ્યાર્થી જીવનમાં ઘણાજ ખંતીલા અને ઉત્સાહી હતા. તેમની સ્મરણશક્તિ પ્રબળ હતી, તેઓ દૃઢ સંવિધાનમાં એક્કા હતા, અને શ્રમસહિષ્ણુ હોઇને વિદ્યા યથાસ્થિત પ્રાપ્ત કરવા ચુકયા નહતા. વિદ્યાર્થી દશામાંથીજ તેમનું બુદ્ધિસામર્થ્ય ઉચ્ચ પ્રતિનું હતું. તેમના દેશસેવામય જીવનમાં તરી આવતા આ સર્વ ગુણ અને શક્તિનો મૂળ પાયો વિદ્યાર્થી દશામાંજ નંખાયો હતો.

વિદ્યાર્થીદશા પૂર્ણ થતાં વ્યાવહારિક જીવન કેવી કરી ગાળવું તેનો પ્રશ્ન ઉભો થયો. મી૰ ગોખલેએ સ્વાર્થ અને પરમાર્થની ઉત્તમ મિલાવટ કરી, બ્રાહ્મધર્મને યોગ્ય, શિક્ષકનો ધંધો સ્વીકાર્યો. તે સમયે "ડેક્કન એજ્યુકેશન સોસાઇટી" નામની એક કેળવણી પ્રસારનારી સંસ્થા હતી. એ સંસ્થા અદ્યાપિપર્યંત સારા સંગીન પાયા ઉપર ચાલે છે. આ સંસ્થાનો એવો નિયમ છે કે, તેણે સ્થાપેલી નિશાળો અને ફરગ્યુસન કોલેજમાં શિક્ષક અને પ્રોફેસર તરીકે કામ કરવા ઇચ્છનાર પુરૂષોએ ૨૦ વર્ષ કામ કરવા બંધાવું, અને તે બદલ તેમને રૂા. ૭૫ નો દરમાયો મળે, તેમની જીંદગીનો રૂા. ૩૦૦૦ નો વીમો સોસાઇટી ઉતરાવી આપે, પોતાને મકાન બાંધવું હોય તો જમીનનો એક ટુકડો મફત કાઢી આપે અને સેવાથી નિવૃત્ત થતાં રૂ. ૩૦ નું પેન્શન આપે અને તેમણે બાંધેલું મકાન પોતે ખંડી લે. હાલ તો આ સોસાઇટી એમ. એ. થયલાઓનેજ દાખલ કરે છે. પરંતુ તે વેળા બી. એ. થયેલાઓને પણ દાખલ કરતી હતી.

મી૰ ગોખલેએ ભારે પગાર કે અધિકારની દરકાર ન કરતાં બ્રાહ્મધર્મને યોગ્ય અધ્યાપનનું કાર્ય સ્વીકાર્યું. આપ્ટે, આગારકર, અને મી૰ બાલગંગાધર તિલક જેવા સમર્થ પુરૂષોએ આ સંસ્થાને ખીલવી હતી અને તેમણે ફરગ્યુસન કોલેજ પણ સ્થાપી હતી.

મી૰ ગોખલે એ સંસ્થામાં દાખલ થયા અને કોલેજમાં જો કે ઇતિહાસ અને અર્થશાસ્ત્રના પ્રોફેસર તેઓ હતા છતાં તેઓ ઇંગ્રેજી સાહિત્ય સંબંધી અને વખતો વખત ગણીતશાસ્ત્ર

---

* ગુજરાતી પરથી.

સંબંધી પણ ભાષણો આપતા હતા. તેમણે આ સમયે તૈયાર કરેલું અંકગણિત હાઈસ્કુલોમાં અદ્યાપિપર્યંત મશહુર છે. આ સંસ્થાની ૧૮ વર્ષની સેવા ઉઠાવી તે દરમ્યાન અર્થશાસ્ત્રનો એવી તો ઉત્તમ રીતે તેમણે અભ્યાસ કીધો કે, તેઓ હિંદના એક પ્રમાણભૂત અર્થશાસ્ત્રી ગણાયા છે. હિંદી સરકારનાં વાર્ષિક અંદાજપત્રો ઉપરનાં તેમનાં ભાષણો એનું ઉત્તમ દૃષ્ટાંત પુરૂં પાડે છે. માજી ખજાનચી સર ગાય ફલીટવુડ વીલ્સન પણ મી૦ ગોખલેની સૂચનાઓ માન્ય રાખતા અને તેમની સલાહની ભરવડીધારાસભામાં પ્રશંસા કરતા હતા. લોર્ડ કર્ઝનના રાજ્યના અમલમાં ચલણના ધોરણ સંબંધમાં તેમનું ભાષણ ઘણુંજ અગત્યનું ગણાયું હતું. તેઓ પ્રોફેસર હતા તે સમયથીજ તેમણે હિંદના અર્થશાસ્ત્રના પોતાના ગહન અભ્યાસનો લાભ વિદ્યાર્થીઓને આપવા માંડયો હતો; અને વિશાળ લોકસેવા અર્થે કોલેજ છોડતાં તેને આ દિશામાં એક ગંભીર હાનિ થયાનું લેખાયું હતું.

ડેક્કન એજ્યુકેશનલ સોસાયટીની ઉન્નતિ.

મી૦ ગોખલેએ ડેક્કન એજ્યુકેશન સોસાયટીની સેવા કેવળ ભાષણોથીજ કરી નથી. તેઓ નિવૃતિના સમયે દખ્ખણમાં ઠામઠામ ફરતા અને ફંડો એકઠાં કરતા. તેઓ કર્તવ્યને ધર્મ તરીકે લેખતા હતા, તેથી તેમણે પ્રવાસાદિનાં સંકટો સહી, આ સંસ્થાના ફંડને રૂ. ૨ લાખથી પણ વધુ લાભ કરાવી આપ્યો. આ સંસ્થાનો સરકાર તરફથી સ્વીકાર થતાં તેને રૂા. ૧૦ હજારની વાર્ષિક મદદ મળે છે. મી૦ ગોખલેના સતત્ પ્રયાસથી ડેક્કન એજ્યુકેશન સોસાઇટી ઉંચી કક્ષાએ ચઢી છે, એ નિઃસંશય છે.

મહાદેવ ગોવિંદ રાનાડેના શિષ્ય.

આમ એક પાસ આ સંસ્થાની સેવા બજાવવા ઉપરાંત વિશાળ લોકસેવાના ઉચ્ચાશયને પણ તેઓ ધીરે ધીરે વિકસાવતા ગયા. મહાદેવ ગોવિંદ રાનાડે જેવા ઉત્તમ પ્રભાવશાલી, અને અસાધારણ બુદ્ધિશકિતસંપન્ન પુરૂષનો સત્સંગ તેમણે કર્યો; તેમની પાસે મી૦ ગોખલે જીવનના અમુલ્ય પાઠો શીખ્યા, હિંદી પ્રજાના ભાવિ અને પ્રગતિના ઉપદેશો પ્રાપ્ત કર્યા અને જીવનમાં ઓતપ્રોત કર્યા. મી૦ રાનાડેને, મી૦ ગોખલે પોતાના ગુરૂ માનતા; અને તેઓ જીવ્યા ત્યાં સુધી તેમની નિગેહબાનીની હેઠળજ સર્વ રાજકીય પ્રવૃત્તિ આદરતા.

રાજકીય સેવાનો આરંભ.

તે વેળા પુનાની સાર્વજનિક સભા હિંદની રાજકીય હિલચાલમાં અગ્ર ભાગ ભજવતી હતી. મી૦ રાનાડે તેના એક નેતા હતા. મી૦ ગોખલે ૨૧ વર્ષની વયે આ સંસ્થામાં જોડાયા; અને હિંદી મહેસુલ તથા વહીવટના પ્રશ્નો સંબંધી પુરતી માહિતી મેળવી. મી૦ રાનેડે સરકારની નોકરી કરવા સાથે તે વેળા આડકતરી રીતે હિંદના લોકમતને દોરવતા હતા. મી૦ ગોખલે ૧૮૯૭ માં આ સભાના ત્રિમાસિક પત્રના તંત્રી થયા, તથા સેક્રેટરીનો અધિકાર પણ તેમને મળ્યો. આ ઉપરાંત ચાર વર્ષ સુધી તેમણે અંગ્રેજી મરાઠી 'સુધારક' પત્ર પોતાના તંત્રી પદે ચલાવ્યું હતું. મુંબઈની પ્રોવીન્શીયલ કોન્ફરન્સના પણ તેઓ સેક્રેટરી થયા સાર્વજનિક સભા અંદર અંદરના કલહથી તુટતાં, મી૦ ગોખલે તેથી છુટા પડયા, ડેક્કન સભા સ્થાપી અને તેના સેક્રેટરી થયા. ૧૮૯૫ માં હિંદીરાષ્ટ્રીય પરિષદનું ૧૧ મું સંમેલન પુનામાં ભરાયું ત્યારે મી૦ ગોખલેએ તેના સેક્રેટરી તરીકે તેની ઉમદા સેવા બજાવી.

વેલ્બી કમીશનમાં સાક્ષી.

સને ૧૮૯૭ લોર્ડ વેલ્બીના પ્રમુખપદે હિંદી ખર્ચ સંબંધમાં સ્થપાયલા શાહી કમીશન સમક્ષ જુબાની આપવા મી૦ ગોખલે ઈંગ્લાંડ ગયા. તેમનું વય ૩૧ વર્ષનું હતું છતાં તેમણે હીંદી મહેસુલ અને વહીવટના નિયમો અને તપસીલો એવી તો પ્રભુતાથી ગ્રહણ કર્યાં હતાં કે, કમીશનના નિપુણ કમીશનરોએ તેમને ઘણાજ હચમચાવ્યા અને ગુંચવણભર્યા પ્રશ્નોત્તરોથી ગુંચવવા માંડ્યા, છતાં પોતાના નિર્ણયો ઘણીજ સ્પષ્ટતાથી ભારપૂર્વક દર્શાવ્યા અને અડગતાથી તેમણે હિંદી લોકમત રજુ કીધો; હિંદી મહેસુલી વ્યવસ્થાની તવારીખમાં તેમની સાક્ષી ચિરંજીવ સ્થાન પામે એવી હતી.

મરકી અને માફીનો પ્રસંગ.

તેઓ આ સાક્ષીના કાર્ય માટે ઈંગ્લાંડમાં રોકાયા હતા, તે વેળા મુંબઈ ઇલાકામાં મરકી ફાટી નીકળી હતી. મરકીનાં આરંભનાં વર્ષમાં કવોરેન્ટાઈન આદિ સંબંધમાં અધિકારીઓ તરફથી ઘણી સતામણી થતી હતી, અને હિંદી પ્રજાને પ્રતિબંધ રૂપ થઈ પડે એવા નિયમો ઘડાયા હતા. આ સામે મુંબઇ અને પુનામાં પ્રબળ પોકાર ઉઠ્યો, અને લોર્ડ સેન્ડહર્સ્ટની સરકારના મરકી સંબંધી લશ્કરી નિયમો વખોડાવા લાગ્યા. મી૦ ગોખલેનું હૃદય કુદરતી રીતે આથી ઉશ્કેરાયું અને તેમણે ઈંગ્રેજી વર્તમાનપત્રોમાં તે સંબંધી ચકચાર જગાવી, સરકારના કાર્ય વિરૂદ્ધ કેટલીક વિગતો રજુ કીધી. તરતજ તેની ધારેલી અસર થઈ અને મુંબઈ સરકારે મી૦ ગોખલે પાસે તેના પુરાવા માગ્યા. પરંતુ હિંદ પાછા ફરતાં બીરૂ લોક તરફથી મી૦ ગોખલેને આના જોઇતા પુરાવા મળી શક્યા નહીં; એટલે તેમણે ખુલ્લી રીતે સરકારની માફી માંગી. આમ માફી માગવા માટે તેમની સામે દેશમાં એક પક્ષ તરફથી સખ્ત ટીકા કરવામાં આવી, પરંતુ મી૦ ગોખલે તેથી નાસીપાસ થયા નહીં; અને દેશસેવાનું કાર્ય સતત ઉત્સાહથી ચાલુજ રાખ્યું. તેમણે મરકીના કામમાં સરકાર સાથે સહાનુભૂતિથી કામ લીધું અને લોકસંકટનિવારણનું કાર્ય આદર્યું. આથી ધીરે ધીરે તેઓ બીનઅધિકારી વર્ગના લોકોનું માન અને ચાહ મેળવી શક્યા.

મુંબઇની ધારાસભામાં પ્રાંતિક પ્રશ્નોની ચર્ચા.

ધીરે ધીરે મી૦ ગોખલેની દેશસેવાનો પ્રદેશ આમ વિસ્તૃત થતો જતો હતો. દેશની હાજતો સંબંધી તેમની માહિતી જેમ જેમ વધતી ગઇ તેમ તેમ લોકો પણ તેમને રાજકીય પ્રવૃત્તિનું વડપણ આપતા ગયા. મુંબઈની ધારાસભામાં તેઓ ૧૯૦૦ માં ચુંટાયા. જુમ્મેદારીનું આ કાર્ય તેમણે ઉમદા રીતે પાર પાડ્યું. તેઓ શોભાના ગાંડીયા જેવા કેટલાક નિમાયલા સભ્યોની પેઠે ખાલી ડાંફાં મારતા ન હતા. તેમણે સરકારી રીપોર્ટો અને પત્રો બારીકીથી તપાસવા માંડયાં અને ખંતથી હરેક દિશામાંથી જોઇતી માહિતી મેળવવા માંડી; મુંબઇનો મહેસુલી વહીવટ અને દુષ્કાળ વેળાની રાજ્યનીતિ એ બે પ્રશ્નોનો ઉંડો અભ્યાસ કીધો, અને લોકનાં સંકટો દૂર કરાવી તેમને દાદ અપાવવાનું માથે લીધું. ૧૯૦૧ ના અંદાજપત્ર સંબંધી પોતાના પહેલા ભાષણમાં તેમણે સરકારની દુષ્કાળસંકટનિવારણની નીતિ ઉપર સખ્ત ટીકા કરી. તેમનું આ ભાષણ ઘણુંજ વખણાયું અને તેની પ્રબળ અસર થઈ, પછી ૧૯૦૧ ના ઓગસ્ટે લેન્ડ રેવેન્યુ કોડ એમેન્ડમેન્ટના ખરડા સંબંધમાં પણ પુષ્કળ માહિતી મેળવી અને મી૦ ફીરોઝશાહ મહેતાના ઠરાવને સચોટ ટેકો આપ્યો. જો

કે મી૦ મહેતાનો સુધારો ઉડી ગયો અને મી૦ મહેતા, મી૦ ગોખલે આદિ ધારા સભા છોડી ગયા, છતાં મી૦ ગોખલેના ભાષણની એવી અસર થઇ કે, એક યુરોપીયન સભ્યે તે વેળાજ જણાવ્યું કે આ ખરડાને અમલમાં ફતેહ મળવી મુસ્કેલ છે.

વડી ધારાસભામાં લોકપ્રશ્નોની ચર્ચા.

આ પ્રમાણે મુંબઇની ધારાસભામાં તેમણે ઉત્તમ પ્રકારની સેવા બજાવી. પછી વડી ધારાસભામાં મુંબઇ તરફથી ચુંટાયલા પ્રતિનિધિ તરીકે જવાનો પ્રસંગ તેમને પ્રાપ્ત થયો. અત્યાર સુધી મી૦ ફીરોજશાહ મહેતા વડી ધારાસભામાં વિરાજતા હતા, તેમણે ૧૯૦૨ માં મી૦ ગોખલેને તે માટે અનુકૂળતા કરી આપી. તે સમયથી અદ્ય પર્યંત મી૦ ગોખલે મુંબઇના પ્રતિનિધિ તરીકે એજ સભામાં વિરાજતા હતા. મી૦ મહેતાએ વડી ધારાસભાની ચર્ચામાં નવું તત્વ, નવો જુસ્સો દાખલ કીધેલો હતો, અને મી૦ ગોખલેએ એ જુસ્સાને ઘણોજ બઢાવ્યો, અને મી૦ મહેતા કરતાં આગળ વધી, મી૦ ગોખલેએ આજપત્રની ચર્ચામાં બીન અધિકારી વર્ગની ટીકાને નવીજ વલણ અને જોશ આપ્યાં. હિંદી સરકારની ભારે પુરાંત રાખવાની નીતિને તેમણે હિંદી કર ભરનાર ઉપર અસહ્ય બોજો નાખનારી અને જાદુગરીના ખેલ જેવી જણાવી, અને લોકની વધતી જતી આબાદી સંબંધી અધિકારીઓના સિદ્ધાંતને જર્જરિત કરી નાંખ્યો. તેમનાં હિંદી અંદાજ પત્ર ઉપરનાં ભાષણોએ સમગ્ર હિંદી પ્રજાનું મન આકર્ષ્યું અને દેશમાં તેમની વાહવાહ પોકારવા લાગી. મીઠા ઉપરનો કર કઢાવી નાંખવાની હિલચાલ પણ તેમણે ઉપાડી. પરિણામે લોર્ડ કર્ઝને દિલ્હીદરબાર વેળા મીઠાનો કર કમી કર્યો, લેન્ડ રેવન્યુ સંબંધી પણ તેમણે સંગીન ચર્ચા વડી ધારાસભામાં ચલાવી હતી. વખત જતાં લશ્કરી ખર્ચ સામે પણ પ્રબળ પુરાવા રજુ કર્યા તથા અધિકારીઓના ખાતાનાં ભ્રમ ખર્ચ વિષે ચર્ચા ચલાવી. તેઓ પ્રમાણો અને દલીલો અને આંકડા સાથે પોતાની આ ચર્ચાઓ એવી તો પ્રભૂતા અને સમર્થ બુદ્ધિશક્તિથી ચલાવતા કે હિંદમાં તેઓ મી૦ રોમેશચંદ્રથી બીજી પંક્તિના પ્રમાણભૂત અર્થશાસ્ત્રી ગણવા લાગ્યા.

દેશસેવા અર્થે ફરગ્યુસન કૉલેજોના સંબંધનો ત્યાગ.

મી૦ ગોખલેનું કાર્ય આમ દિનપરદિન વધતું જતું હોવાથી, ફરગ્યુસન કોલેજ સાથેનો સબંધ છોડવાની અગત્ય તેમને સમજાઇ. તેની સેવા કરતાં તેમને ૧૮ વર્ષ થયાં હતાં, હજી નિયમ પ્રમાણે ૨૦ વર્ષમાં બે બાકી રહ્યાં હતાં, છતાં રજા આદિના સમયનો લાભ મેળવી તેમણે રૂા. ૩૦ ના માસિક પેન્શને આ નોકરી છોડી. આ ૧૮ વર્ષમાં તેમનો અનુભવ અને ઉત્સાહ અપ્રતિમ રીતે વાધ્યાં હતાં. તેમને બદલો અલ્પ મળ્યો પણ ઘણાં સંકટો સહેવાં પડયાં હતાં. નિરાશા ઉપજાવનારા અનેક પ્રસંગો તેમને વીત્યા હતા છતાં દેશસેવાનો તેમનો ઉચ્ચાશય તો વધ્યોજ જતો હતો. તેમના આજ ગુણે તેમને દેશની ચિરંજીવ પ્રશંસા અને પ્રેમને પાત્ર કર્યા છે. તેમના સ્વદેશાભિમાનમાં નિઃસ્વાર્થીપણાનું તત્વ આ સમયથીજ દાખલ થઇ ચુકયું હતું અને તેમની આ નિષ્કામતા એજ સરકાર પક્ષના અધિકારીઓનું માન મેળવવા, અને તેમના અભિપ્રાયો તેમના સ્વીકારને પાત્ર કરવામાં ઉત્તમ ભાગ ભજવ્યો છે, એ નિઃશંક છે.

મી૦ ગોખલે સી. આઈ. ઇ.

ફર્ગ્યુસન કોલેજ સાથેનો સંબંધ છોડયા પછી વડી ધારાસભામાં પોતાની પ્રવૃત્તિ વધુ ખંતથી તેઓ કરવા લાગ્યા. ચર્ચા ચલાવવાની તેમની સમર્થશક્તિની પ્રતિભા એવી તો હતી

કે લોર્ડ કર્ઝન જેવા વાઇસરાયે પણ એક સમયે જણાવી દીધું હતું. "ધારાસભામાં મી૦ ગોખલે સાથે વાણીની પટાબાજી ખેલવી એ પણ એક મજા છે!" ના. મી૦ ગોખલેના નિઃસ્વાર્થી સ્વદેશાભિમાનથી ના. લોર્ડ કર્ઝન એટલો તો આકર્ષાયો હતો કે, તેણે તેમને સી. આઇ. ઇ. નું પદ એનાયત કીધું.

કોંગ્રેસની પ્રવૃત્તિમાં અગ્ર ભાગ.

આમ વડી ધારાસભામાં હિંદના હિતવિષયક પ્રશ્નોનો ઉહાપોહ કરવાની સાથે અન્ય રાજકીય પ્રવૃત્તિઓ પણ તેમણે સતત ઉત્સાહથી ઉપાડી. તેઓ હિંદી રાષ્ટ્રીય પારિષદ્‌ના જનરલ સેક્રેટરી ૧૯૦૩ ની સાલથી થયા હતા. પણ ઠેઠ ૧૮૯૭ થી તેની વિચારણાના કાર્યમાં અગ્ર ભાગ લેવા માંડયો હતો. ૧૯૦૪ થી તેઓએ મદ્રાસની કોંગ્રેસમાં આગેવાની લીધી અને મદ્રાસની પ્રજાએ વડી ધારાસભાની તેમની સેવાની કદર કરી તેમને ભારે માન આપ્યું. તે વેળા હિંદી યુનીવર્સીટીઓના લોર્ડ કર્ઝનના, નામચીન કાયદાએ સરકારી ગુપ્ત સાચવનારા 'ઓફીસીઅલ સીક્રેટ્સ એક્ટે' અને લોર્ડ કર્ઝનના અન્ય કમીશનરોએ દેશમાં ભારે ચળવળ જગાવી હતી. વડી ધારાસભામાં મી૦ ગોખલેએ આ નિરાશાભરી લડત સામે અતુલબલી ટક્કર ભીડી હતી. તેમના આ ઉમદા કાર્યની કદર હિંદી વર્તમાન પત્રોએ કરી હતી. આવા માનવંત લોકસેવકના માનમાં મદ્રાસની કોંગ્રેસ વેળા ૧૯૦૪ માં મદ્રાસમાં વિદ્યાર્થીઓએ ઠામઠામ ભાષણો કર્યાં, લોકોએ તેમને માનપત્રો આપ્યાં, સભાઓએ આવકાર દીધા. આમ હિંદના દાદા દાદાભાઇ જેટલાજ તેઓ આ લોકના માનને પાત્ર ઠર્યા.

૧૯૦૫માં તેમનું કર્તવ્યક્ષેત્ર ઘણુંજ શ્રમ ભર્યું થઇ પડયું. મી૦ દીનસાહ વાચ્છા કોંગ્રેસના કાર્યમાં તેમના સહચારી હતા, તેથી તેમને આમાં કંઇક સરળતા મળતી. પણ લોર્ડ કર્ઝનના નવનવા અદ્‌ભૂત ધારાઓથી ધારાસભાનું કાર્ય ઘણુંજ દુર્ઘટ અને કંટકપૂર્ણ થતું જતું હતું. લોર્ડ કર્ઝનની મહેસુલી નીતિ, ચલણની રાજ્યનીતિ, અંદાજ પત્રોની વિચિત્ર ગણત્રીઓ, એ સંબંધમાં સખ્ત ટીકા કરવાનું અને અધિકારીઓની જાદુઇ ગણતરીઓ ખુલ્લી કરવાનું કાર્ય મી૦ ગોખલેને શિરે આવી પડયું હતું, અને તેમણે તે ઉત્તમ રીતે પાર પાડયું.

વિવિધ પ્રવૃત્તિઓ-હિંદ સેવક સમાજની સ્થાપના.

વળી આ વેળા હિંદી પરિસ્થિતિથી બ્રિટીશ પ્રજાને વાકેફ રાખવા લંડનમાં સ્થપાયલી બ્રીટીશ ઈંડિયા કોંગ્રેસકમીટીના પત્ર "ઇંડીયા" નો હિંદમાં પ્રચાર કરાવવાનું કાર્ય મી૦ ગોખલેએ ઉપાડયું હતું. આ કાર્ય માટે તેમજ બ્રિટીશ ઈંડીયા કોંગ્રેસ કમીટી નિભાવવા નાણાંની મદદ મેળવવાના કાર્ય માટે તેમને ઠામઠામ હિંદમા પ્રવાસ આદરવો પડયો અને લોકમત કેળવવાનું કાર્ય ચલાવવું પડયું. ઉપરાંત સ્વ. રાનેડેના સ્મારક તરીકે નીકળનારા "રાનેડે ઇકોનોમીક ઇન્સ્ટીટ્યુટ" માટે નાણાં એકઠાં કરવાનું કાર્ય પણ તેઓ ચલાવતા. વળી હિંદમાં સતત રાજકીય પ્રવૃત્તિ ચલાવવા અને લોકમતને જાગૃત રાખવાના ઉદ્દેશથી, હિંદી યુવાનોને હિંદી રાજકીય, આર્થિક, સામાજિક પરિસ્થિતિઓથી વાકેફ કરવા સર્વન્ટસ ઓફ ઇંડીયા સોસાઇટી નામક સંસ્થા સ્થાપવાની યોજનાનો વિચાર પણ તેઓ સાથે સાથે ચલાવતા. ૧૯૦૫ ના જુનની તા૦ ૧૨ મીએ આ સંસ્થાના પહેલા સભ્યોને શપથ લેવડાવી તેમણે દીક્ષા આપી. આવી આવી અવિરત પ્રવૃત્તિઓની સાથે ઇંગ્લાંડમાં બ્રિટીશ પ્રજા મતને હિંદી પરિસ્થિતિથી પરિચિત રાખવાની હિલચાલને પુરતુ પોષણ આપવા ચુકયા હતા નહીં. હિંદી

રાષ્ટ્રીય પરિષદે ઠરાવ્યા પ્રમાણે તેઓ લાલા લજપતરાય આદિ સાથે ઈંગ્લાંડ ગયા અને ત્યાં અનેક ભાષણો આપ્યાં.

નવું હિંદી ચેતન અને બનારસ કોંગ્રેસનું પ્રમુખપદ.

જાણે તેમને શિરે કર્તવ્યનો આ ભાર કમી હોય તેમ ૧૯૦૫ ની બનારસ કોંગ્રેસની સન્માનકારિણી સભાએ મી૦ ગોખલેને પ્રમુખપદ સ્વીકારવાને આગ્રહભરી વિનતિ કરી. તે સમયે દેશ અસાધારણ રાજકીય પરિસ્થિતિમાંથી પસાર થતો હતો, લોર્ડ કર્ઝનની સરકારનાં હિંદી યુનીવર્સીટી એક્ટ, ઓફીશીયલ સીક્રેટએક્ટ, બંગભંગ આદિ લોકમત વિરૂદ્ધ જનારાં કૃત્યોથી હિંદી પ્રજામાં અપ્રતિમ જાગૃતિ અને તેજી આવી હતી, અને તે સાથે ઉદ્દામ પક્ષનો અવતાર થતો હતો. સરકારે લોકમતની અવગણના કરવા જેવું કર્યાથી લોકના અમુક આકળા વર્ગના લોકની શ્રદ્ધા સરકાર સાથેની સહાનુભૂતિમાંથી ઉઠવા પામી હતી. અને આ વર્ગ સરકાર સામે કાયદેસર રાજ્યબંધારણને અનુસરતી મર્યાદામાં રહીને, બ્રિટીશ સરકારનો વિરૂદ્ધપક્ષ ચલાવે છે તેવી ચળવળ જગાવી હિંદનું હિત એકદમ સાધવા અતિ આતુર થઇ ગયો હતો. મી. ગોખલેને માટે બનારસની પ્રજા ઘણું માન ધરાવતી હતી તથા લોકાશયને સુઘટિત સ્વરૂપ તેઓ આપી શકશે, એમ માનતી હતી. મી. ગોખલેએ ૧૯૦૫ ની હિંદી રાષ્ટ્રીય પરિષદનું પ્રમુખપદ સ્વીકારવા ઘણીગે આનાકાની કરેલ છતાં તેમને અંતે તે સ્વીકારવું પડયું.

આ કાર્ય બેશક ઘણુંજ દુર્ઘટ હતું. ઉપર જણાવ્યું તેમ હિંદી લોકજીવન અદ્‌ભુત રીતે ખળભળી ઉઠયું હતું, બંગભંગથી બંગાળા ઉશ્કેરાયું હતું અને સર્વને પ્રજાનું માનભંગ થયું હોય તેમ જણાતું હતું. બંગાળીઓ તો લગભગ આવેશપૂર્ણ થઇ ગયા હતા તેઓએ બ્રિટીશ માલના બહિષ્કારની ચળવળ પ્રબળપણે જગાવી હતી અને સ્વદેશી હિલચાલને પગભર કરી. આ વેળા બહિષ્કારનો પવન એવો તો સજ્જડ ફેલાયો કે, લોકમત વિરૂદ્ધ સરકારના વહીવટમાં કાયદેસર મર્યાદામાં રહીને અંતરાયો નાંખવાની ચળવળ ઉદ્દામપક્ષે પ્રબળપણે ચલાવી. સર બેમ્ફીલ્ડ ફુલરના વહીવટે બળતામાં ઘી હોમ્યું. જાણે બ્રિટીશ સરકારે હિંદ ઉપર કાંઇ ઉપકારજ કર્યો ન હોય. જાણે કે તેણે કદી પણ ન્યાયપરાયણતા વાજબીજ ન હોય, તેમ કેટલાક લોક બ્રમિષ્ટ મનથી અનેક ચળવળો ચલાવવા લાગ્યા, અને બ્રિટીશ સામ્રાજ્યથી સ્વતંત્ર સ્વરાજ્યની હિમાયત વકીક કરવા માંડી.

આવા સમયે ૧૯૦૫ ની હિંદી રાષ્ટ્રીય પરિષદના સંમેલનનું સુકાન મી૦ ગોખલેએ ઘણીજ કુનેહ અને બાહોશીથી ચલાવ્યું. સબજેક્ટ કમિટીમાં નવા ઉદ્દામ પક્ષને તેઓ ઘણીજ મુશ્કેલીથી કાબુમાં રાખી શકયા અને બંગભંગ વિરૂદ્ધ ઠરાવ હિંદી રાષ્ટ્રીય પરિષદે પ્રથમ પોતાની કાર્યવાહીમાં દાખલ કર્યો. આ સંમેલનમાં મી૦ ગોખલેએ આપેલું ભાષણ ઘણુંજ જુસ્સાભર્યું છે અને લોકમતને કેવી રીતે લોર્ડ કર્ઝન આદિએ અવગણ્યો છે તેનું ચિત્ર સચોટ રીતે ચીતરેલું છે. હિંદીઓની ઘણી માગણીઓ અને સંકટોનું પ્રતિબિંબ તેમણે ખુબીબંધ પોતાના ભાષણમાં ઉતાર્યું છે.

મી૦ ગોખલેએ ઉપર જણાવ્યું તેમ બનારસ કોંગ્રેસમાં પ્રમુખપદ લેવા આવવા આગમચ ઈંગ્લાંડમાં હિંદી પ્રતિનિધિ તરીકે અસીમ સેવા બજાવી. બ્રીટીશ સરકારના પ્રધાનો સામે હિંદીઓની દાદ ફરીયાદો સંબંધમાં વાટા ઘાટ ચલાવી; હિંદી વજીર મી૦

પાર્લીની અનેક મુલાકાતો લીધી અને બ્રિટીશ પ્રજા સમક્ષ ઠામઠામ ૫૦ દિવસમાં ૪૫ સભાઓ ભરી ભાષણો આપ્યાં. પોતાના સેક્રેટરી પોતેજ હતા, એટલે પત્રવ્યવહારાદિનું કાર્ય પણ તેમને જાતેજ કરવું પડતું; વર્તમાનપત્રોના પ્રતિનિધિઓને મુલાકાતો આપવી પડતી અને અંગ્રેજી વર્તમાનપત્રોમાં ચર્ચા ચલાવી તેના રદીયા પણ આપવા પડતા. આ સર્વની તેમના ગળા ઉપર અસર થઈ, અને હિંદ આવતાં તેમને સ્ટીમર ઉપરજ ઓપરેશન કરાવવું પડયું.

મી૦ ગોખલે આ સર્વ હિલચાલ ઉમદા રીતે ચલાવી રાષ્ટ્રીય પરિષદ્‌ના પ્રમુખપદ માટે હિંદ આવ્યા ત્યારે મુંબઇમાં અને પુનામાં તેમને ભારે આવકાર અપાયો અને તેમના પ્રતિપક્ષી નાયક મી૦ તિલક સુદ્ધાંતે પણ તેમની સેવાની મુક્તકંઠે પ્રશંસા કરી. મી૦ ગોખલેને આ વેળા જોઇતો આરામવિશ્રામ લેવાની પણ ફુરસદ ન હતી. તેઓ બનારસ જવા એકદમ કલકત્તે દોડયા, ત્યાં ભાષણ તૈયાર કર્યું અને બનારસ જઇ ઉપર જણાવ્યા પ્રમાણે કાર્ય પાર પાડયું.

કોંગ્રેસના પક્ષો પડવાના ભયનો આરંભ:

પરંતુ આ સમયથીજ મી. ગોખલે દેશમાં આવેલી નવી જાગૃતિથી ચકિત થયા હતા. આ નવા ચેતનને સારે ઠરેલે માર્ગે વાળવા તેઓ ચિંતાતુર થયા હતા. પરંતુ ૧૯૦૫ માં નવા ઉદ્દામ પક્ષે બંગભંગ આદિ ચળવળનો કોંગ્રેસ પાસે સ્વીકાર કરાવવા કરેલા મથનને મચક આપવાની મી. ગોખલેને ઉપયુકતા સમજાઈ ત્યારથી તેઓ તેમજ વિનીત પક્ષના આગેવાનો કંઇક નચિંત થયા હતા. ઉદ્દામપક્ષે ધીરે ધીરે પોતાનાં ભાષણો અને ચળવળથી સરકાર સાથે સહાનુભૂતિથી કામ લેવાની કોંગ્રેસની નીતિને વખોડવા માંડી અને સને ૧૯૦૬ ની કોંગ્રેસ કલકત્તામાંજ તુટી જશે એવો ભય ઉપસ્થિત થયો. પરંતુ બાબુ સુરેન્દ્રનાથ જેવા શાણા બંગાળીઓએ વયોવૃદ્ધ દાદાભાઈ નવરોજજીને પ્રમુખપદ અપાવી, ઉદ્દામ પક્ષને કંઇક શીકસ્ત આપી. ૧૯૦૬ની કોંગ્રેસમાં નવા પક્ષનું પરિબલ વધ્યું હતું. સબજેકટ કમીટીમાં કામ ચલાવવું ઘણુંજ દુર્ઘટ થઈ પડયું હતું. સર ફીરોજશાહ અને બાબુ સુરેન્દ્રનાથ જેવા સંમાનને પાત્ર આગેવાનોનું વજન પણ શિથિલ થયું દેખાયું અને સ્વદેશી, સ્વરાજ્ય, પ્રજાવર્ગીય કેળવણી, બહિષ્કાર, બંગભંગ આદિ ઠરાવો પ્રસાર થયા. આ સમયથી કોંગ્રેસે સરકારને ભલામણ કરવાના કાર્યની સાથે પોતે ઉપાડવાના કર્તવ્યનો નિર્દેશ પ્રથમ કર્યો. આ સંમેલનમાં બાબુ બીપિનચંદ્રપાલ અને મી. તિલકનાં બોયકોટ સંબંધી ભાષણો એવાં તો ઉગ્ર હતાં કે "સરકારના બહિષ્કાર" નો પોકાર ઉઠયો. મી. ગોખલેએ કળાકળાથી સામો પ્રત્યુતર વાળી, આવી ચળવળ કેવળ અંગત હોવાનું સાફ સાફ જણાવી દીધું તથા નવા ઉદ્દામ પક્ષ અને જુના વિનીત પક્ષ વચ્ચેનો કલહ જે કંઇક બનારસથી ઉઠયો હતો તેણે અહીં ગંભીર સ્વરૂપ ધારણ કીધું.

સને ૧૯૦૭માં એક બીજો બનાવ નોંધવા જેવો છે. ધારાસભામાં બજેટની ચર્ચા કરી પાછા ફરતાં મુંબઈમાં હેરીસને સર ફીરોજશાહને કોરપોરેશનમાં ચુંટાતા અટકાવવા કોકસ ઉભું કર્યું હતું. સર ફીરોજશાહે વર્ષો થયાં કોરપોરેશનની સેવા ઉઠાવી હતી, તેમને આથી અન્યાય થતો હોવાથી મુંબઇની પ્રજાએ પ્રબળ પોકાર ઉઠાવ્યો અને કોકસ વિરૂદ્ધ જંગી મહાસભા માધવબાગમાં ભરાઈ અને ઓન મી. ગોખલેએ કોકસ તોડવામાં સારો ભાગ ભજવ્યો હતો

આ દરમ્યાન બંગાળામાં સ્થિતિ કફોડી થતી હતી. માઇમેનસીગમાં બખેડા જાગ્યા. સીટીશીયસમીટીંગ્સ એકટ પસાર થયો; બારીસલ પ્રાંતીક કોંગ્રેસમાં બાબુ સુરેન્દ્રનાથ પકડાયા અને નવા ચેતન તથા નવા પક્ષને જામવાનો વધુ અવકાશ મળ્યો, તેમ તેમ કોંગ્રેસમાં બન્ને પક્ષને સાથે જાળવવાનું કામ મુશ્કેલ થતું ગયું. ૧૯૦૭માં નાગપુરમાં કોંગ્રેસ ભરવાના અને ઉદ્દામ પક્ષના નેતા મી. બાલગંગાધર તિલકને પ્રમુખપદ આપવાની ચળવળથી કોંગ્રેસ નાગપુર ભરાતી અટકી અને સુરત ભરાવાનું ઠર્યું. અહીં લાલા લજપતરાયને પ્રમુખ ઠરાવવાનો પ્રશ્ન ઉઠયો અને આખરે સુરતમાં સંમેલન મળતાં કોંગ્રેસના છુટા બે પક્ષો પડી ગયા.

ઉદ્દામોના આક્ષેપોથી પ્રેસ એકટની ઘટના.

હિંદી રાષ્ટ્રીય પરિષદ્‌ની આવી શોચનીય ભિન્નતા અટકાવવા મી. ગોખલેએ ઘણોજ પ્રયાસ કર્યો પણ તે વૃથા ગયો. અંતેસર ફીરોજશાહ આદિની કુનેહથી કોંગ્રેસ નવા ધોરણે તેમણે ચલાવી. આ વેળા ઉદ્દામ પક્ષનાં પત્રોએ તેમને અને વિનીતોને ભાંડવામાં કાંઇ કચાસ રાખી ન હતી અને તે એ પત્રોની કડવાશે, એમ કહેવાય છે કે, મી. ગોખલેને ૧૯૧૦ નો વર્તમાનપત્ર અને ભાષણો ઉપર અંકુશ નાંખવાનો કાયદો ઘડવામાં સરકાર પક્ષે મત આપવાને પ્રેર્યા હતા. જો કે આ માનવા જેવું નથી, પરંતુ તે વેળાનાં કેટલાક ઉદ્દામ પક્ષનાં પત્ર વિનીતોને સામે જેમ ઉગ્ર આક્ષેપો કરી રહ્યાં હતાં તેમ સરકારની વિરૂદ્ધ પણ સખ્ત વચનો કાઢતાં હતાં અને તેમને તેમ કરતાં દાબવાની ઇચ્છાથી પોતે આ કાયદાને ટેકો આપ્યો હતો એમ મી. ગોખલેએ જણાવ્યું હતું.

હિંદુ–મુસલમાનોની એકતાનો પ્રશ્ન.

સુરતથી કોંગ્રેસના ઉપર જણાવ્યા પ્રમાણે બે પક્ષો પડતાં, મી. ગોખલેએ કોંગ્રેસ નવું બંધારણ યથાસ્થિત ધોરણે ઘડી કાઢવાનો ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. વળી આ સમયે હિંદની જાગૃતિથી કેટલાક અધિકારીઓ ભડકતા હતા. તેમણે કહેવાય છે તેમ, બંગભંગથી નારાજ થયલા બંગાળીઓ સાથે મુસલમાનોને જગવ્યા અને ઢાકાના મહુંમ નવાબને આગેવાન કરી બંગભંગ વિરૂદ્ધની હિલચાલ વિરૂદ્ધ નવી હિલચાલ ઉપાડવી. આમાં પ્રેરક હાથ ગમે તેનો હો, પરંતુ એ તો સ્પષ્ટ છે કે આ સમયથી હિંદુઓ અને મુસલમાન વચ્ચે મતભેદ અને મનોભેદ જાગ્યા. તેમાં ના. આગાખાન અને મી૦ ગોખલે ૧૯૦૯ ના હિંદી ધારાસભાના ધારામાં અલાયદા મતદાર મંડળોનો નિયમ આજ મતભેદથી દાખલ થવા પામ્યો. અને પરિણામે હિંદુઓ તથા મુસલમાનોનાં મન ખાટાં થયાં. અધિકારીઓએ હિંદી ધારસભાના કાયદાના નિયમોમાં મુસલમાનોને પ્રતિનિધિઓ અને ચુંટણી સંબંધી ખાસ પસંદગીના હક્ક આપ્યા અને પંજાબ જેવા પ્રાંતો કે જ્યાં હિંદુઓની અલ્પમતિ છે ત્યાં હિંદુઓને એવા હક્ક ન આપ્યા, તેથી બન્ને કોમો વચ્ચે ખારાશ વધી. પંજાબમાં હિંદુ કોન્ફરન્સ સ્થપાઇ અને હિંદુ અને મુસલમાનોની એકત્રતાનો અને તેમને કોંગ્રેસમાં સામેલ કરવાનો પ્રશ્ન ઉભો થયો. ૧૯૧૦ માં અલ્હાબાદ કોંગ્રેસના પ્રમુખ સર. વીલીયમ વેડબર્ન અને મી. ગોખલેએ અગ્રભાગ લીધો હતો. હિંદુ–મુસલમાનોની એકતા માટે પ્રયાસ શરૂ કર્યો. તેમાં મી૦ ગોખલેએ કોંગ્રેસમાં મુસલમાનોની લાગણી દુઃખાય એવા અલાયદાં મતદાર મંડળો અને પ્રતિનિધિઓના હક્ક સંબંધી ઠરાવો જેમ બને તેમ નરમ સ્વરૂપમાં આવે એવી મહે-

નત કીધી. પરિણામે ૧૯૧૨ ની બાંકીપોર કોંગ્રેસે તેમને પ્રમુખપદ અર્પવાની ઘણીજ જીદ્દ લીધી. ત્યાંનો મુસલમાન વિભાગ મી૦ ગોખલેની સમાધાન વૃત્તિથી ખુશ થયો હતો તેથી મી૦ ગોખલેને પ્રમુખપદ આપવા ઘણાજ આતુર હતા. પરંતુ કામના બોજાથી મી૦ ગોખલેએ તે સ્વીકારવા ના પાડી. તેઓ આ સમયે ઇંગ્લાંડમાં હિંદ તરફથી લગભગ હિંદી ધારા સભાના વિસ્તારનો ધારો, સીડીશીયશ મીટીંગ્સ એક્ટ, આદિ સંબંધમાં ચળવળ ચલાવતા હતા.

સત્યાગ્રહની લડત અને મી૦ ગોખલેનું સમાધાન.

દક્ષિણ આફ્રિકામાં વસવાટ કરતા હિંદીઓના બ્રિટીશ નાગરિક તરીકેના હક્ક ઉપર ત્યાંના બોર લોકોએ અને ટ્રાન્સવાલની સરકારે પાછી તરાપ માર્યાથી સત્યાગ્રહની લડત લો. મા. મી૦ મોહનદાસ કરમચંદ ગાંધીએ ઉપાડી હતી. આ લડતને શાંત પાડવા, થાપ આપી ત્યાંની સરકારે સમાધાન કરવાનું વચન આપ્યું. મી૦ ગોખલે આ કાર્ય માટે દક્ષિણ આફ્રિકા ગયા અને ત્યાંના પ્રધાન મંડળ સાથે મસલત ચલાવી, સમાધાનની શરતો નક્કી કરી. પરંતુ ત્યાની સરકાર પોતાનું વચન પાળવામાં મોળી પડી અને એ શરતોને કાયદાનું સ્વરૂપ અપાવી ન શકી. એટલે દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડત પાછી ખંતપૂર્વક ચાલી. આ વેળા લડતને ટેકો આપવા તેમજ ત્યાંના વસાહતી માટે હિંદમાં સત્યાગ્રહનું ફંડ ઉઘાડયું. હિંદના લોકોએ અને હિંદના પાત્રોએ આ હિલચાલને ટેકો આપ્યો. મી૦ ગોખલેએ આમ ફંડની મદદ આપી, ન અટકતાં ઈંગ્લાંડના આગેવાનો સાથે મસલત ચલાવી. મી૦ ગાંધીએ પણ અક્રમ-પણે સત્યાગ્રહ ટેકથી રાખ્યો અને આપણા સમભાવશીલ વાઇસરોય લોર્ડ હાર્ડીન્જે વચ્ચે પડી વસાહતી હિંદી અને સંકટની તપાસ કરનાર કમીશન નીમાવ્યું. આ કમીશનમાં હિંદથી ના. વાઇસરોયે સર બેનજામીનને મોકલ્યા અને પરિણામ હિંદીઓના લાભમાં આવ્યું. આ કાર્યમાં મી૦ ગોખલેનો હિસ્સો કાંઈ નાનોસુનો નથી. આ કાર્યમાં સલાહ આદિનો ટેકો આપવા માટે સત્યાગ્રહી વીરનર મી૦ ગાંધીને મી૦ ગોખલે પ્રતિ માન બુદ્ધિ ઉપજી અને તેઓ તેમને પોતાના ગુરૂ માનવા લાગ્યા.

પબ્લીક સર્વીસ કમીશન.

મી૦ ગોખલેએ આમ સત્યાગ્રહની લડતમાં વિજય મેળવ્યો. તે પછી હિંદની સાર્વજનિક સેવા (પબ્લીક સર્વીસ શાહી કમીશનમાં એક કમીશનર નીમાયા. આ કમીશનમાં તેમણે જે સેવા બજાવી છે તે ઉપર મત હાલ બાંધી શકાય એમ નથી. કારણ એ કમીશનનો રીપોર્ટ હજી બહાર પડયો નથી. પરંતુ એટલું તો સ્પષ્ટ છે કે આ મહાન પ્રશ્નની વિચારણા અને તપાસમાં તેઓ એવા તો વ્યાપૃત થયા હતા, તેમજ તેઓએ એવો શ્રમ ઉઠાવ્યો હતો કે, તેમની તબીયત નરમ પડી ગઈ, અને વચ્ચે વચ્ચે ઉથલા ખાવા છતાં તેઓ તેના કામમાં મંડયાજ રહ્યા. આખરે યુરોપી યાદવી જાગતાં, આ કમીશનનું કામ વિલંબે પડતાં તેઓ હિંદ આરામ લેવા અને હિંદમાં પોતાનું કર્તવ્ય બજાવવા, હિંદી ધારાસભામાં પ્રતિનિધિ તરીકેની સેવા ઉઠાવવા પાછા આવ્યા. તેઓ આવતા એપ્રીલમાં પાછા ઇંગ્લાંડ જનાર હતા ત્યાં દૈવે તેમને પોતાના દરબારમાં અકાળે બોલાવી લીધા છે.

देशभक्त सत्याग्रही श्रीयुत मोहनलाल करमचंद गांधी*–

નું અનુકરણીય જીવનવૃત્તાંત જાણવાની અગત્ય.

દક્ષિણ આફ્રિકામાં હિંદના માન અને કીર્તિનો દીપક જ્વલંત જ્યોતિથી પ્રકટાવી, હિંદની નામનાને પરદેશમાં અમર કરી, 'હિંદીઓના બ્રિટીશ નાગરિક તરીકે બ્રિટીશ શાહનશાહોએ ગંભીર વચનો દ્વારા આપેલા હકકોમાંના હરાઇ ગયલા કેટલાક હકકો સત્યાગ્રહથી પાછા મેળવી તેમની પ્રતિષ્ઠા જમાવી, હિંદ માતાની કુખને દીપાવનાર દેશભક્ત રા. રા. મોહનદાસ કરમચંદ ગાંધી સ્વદેશ પાછા પધાર્યા છે. તેમનું જીવનવૃત્તાંત 'ભાગ્યોદય'ના વાચકો માટે સંક્ષેપમાં આપ્યું છે.

બાલ્યાવસ્થા અને કેળવણી.

ગુજરાત પ્રાંતના કાઠીઆવાડ દ્વીપકલ્પમાં, પ્રાચીનતાનું માનપ્રદ અભિમાન ધરાવતા પોરબંદર રાજ્યની રાજ્યધાની પોરબંદર શહેર રા. મોહનદાસ ગાંધીની જન્મભૂમિ તરીકે ચિરંજીવ નામના પામશે. તેઓ વસ્ય મોઢ જ્ઞાતિના છે. તેમનું કુટુંબ વૈષ્ણવ ધર્મી છે. તેમના પિતા કરમચંદ ગાંધી ચુસ્ત વૈષ્ણવ હતા. તેઓ રાજખટપટમાં પડયા હતા છતાં બીલકુલ પ્રમાણિક હતા, તથા ખરા છાતીવાળા હતા. મી૦ ગાંધીનો જન્મ સને ૧૮૬૯ માં તા. ૨ જી ઓકટોબરે રા. કરમચંદ ગાંધીને ત્યાં થયો છે. તેમના ત્રણ દીકરાઓમાં તેઓ સહુથી નાના છે. તેમનું ગૃહ પોરબંદરમાં શ્રીકૃષ્ણ અને રામચંદ્રજીના એ ઉભય મંદીરોની (વચ્ચે) છાયામાં આવેલું છે. આવા પવિત્ર સ્થાનમાં વસનાર, ઉછરનાર બાલક મી૦ ગાંધીએ પાછળથી શ્રીકૃષ્ણ સમાન દક્ષિણ આફ્રિકામાં વિષ્ટિના કામમાં નામના કાઢી છે અને વિના રક્તપાતે કે વિના કાયદાના ઉલ્લંઘને હિંદીઓને વિજય અપાવ્યો છે, અને શ્રી રામચંદ્રની પેઠે એક વચની અને અડગ પ્રતિજ્ઞાપાલક તરીકે વિશ્વવિખ્યાતિ મેળવી છે.

તેઓની બાલ્યાવસ્થા વિષે કાંઇ જાણવાજોગ નથી. તેઓ ૭ વર્ષની વયના થયા ત્યાં સુધી પોરબંદરની ગામડી નિશાળમાં ભણ્યા, અને સાથે સાથે ઘેર ખાનગી શિક્ષક પાસે ધર્મનું પણ જ્ઞાન મેળવતા. તેમની પ્રભુપ્રતિની અડગ શ્રદ્ધાનાં બીજ આ કાલથીજ અંકુરિત થયાં. પછી તેમના કુટુંબને રાજકોટ વસવાનું થયું. તે વેળા રેલગાડી નહોતી. તેઓ ગાડામાં બેસી પાંચ દિવસની દડમજલ પછી રાજકોટ પહોંચ્યા. રાજકોટ તે વેળા કાઠીયાવાડમાં કેળવણીનું એક મથક ગણાતું. મી. ગાંધીના પિતા કરમચંદ ગાંધીને કેટલાક સમય પછી રાજકોટ રાજ્યમાં મુખ્ય કારભારીની જગો મળી, એટલે તેમણે ત્યાં એક ઘર વસાવ્યું. પહેલાં મી. ગાંધી ગુજરાતી નિશાળમાં દાખલ થયા. ૧૦ વર્ષ સુધી આ નિશાળમાં ભણી, તેઓ કાઠીઆવાડ હાઇસ્કુલમાં દાખલ થયા. ૧૭ વર્ષની વયે તેમણે મેટ્રીકની પરીક્ષા પસાર કરી.

મી. ગાંધીનો સંસાર.

વચમાં ૧૨ વર્ષની ઉંમરે તેમનાં લગ્ન થયાં. મી. ગાંધી પોતે બાળલગ્ન તરફ વિરૂદ્ધતા ધરાવે છે. તેમનાં પત્ની સુશિલ, શુદ્ધ અંતઃકરણવાળાં તેમજ બહાદુર છે. તેઓ એવાં

* ગુજરાતી પરથી.

પપ૪૭.

તો પતિભક્ત છે કે, મી. ગાંધીને જ્યારે આફ્રિકામાં પહેલી વારની સત્યાગ્રહની લડત માટે તુરંગમાં જવું પડયું, ત્યારે ઉપવાસ આદિથી તેમણે પોતાનું શરીર સુકવી નાંખ્યું હતું, અને છેલ્લા શાંત અવરોધ વેળાએ તો પંડે પણ તુરંગમાં જવા તત્પર થયાં હતાં. તેમને ત્રણ દીકરા છે. તેમણે પોતાના છોકરાઓના મગજમાં વીરતાયુક્ત દેશાભિમાન પ્રેરેલું છે અને તેમના મોટા છોકરા હરીલાલે સત્યાગ્રહી તરીકે સારી નામના કાઢી છે.

અભ્યાસ અને તેનું સરકારબલ.

બાલ્યાવસ્થાથીજ મી. ગાંધીના હૃદયપટ ઉપર ધર્મના સંસ્કાર પડયા છે. તેમની ધાર્મિક વૃત્તિઓ દૃઢ છે. આને લીધે જ તેઓ સત્ય માર્ગને પકડી રહ્યા છે. તેઓ નિશાળમાં ચોથા ધોરણમાં હતા તે વેળા તેઓ થોડોક વખત વાસ્તવિક રીતે નાસ્તિક હતા. તેઓ તે વેળા પોતાના કેટલાક ગોઠીયાઓ સાથે માંસભક્ષણ પર્યંતની કેટલીક અનિષ્ટ બદીઓના ભોગ થયા. પરંતુ સત્ય બોલવાથી ડગવું નહીં, એવો જે નિયમ તેમના હૃદય ઉપર અભેદ્ય રીતે કોતરાયો હતો તેના પ્રતાપેજ તેઓ આ બદીઓમાંથી મુક્ત થવા પામ્યા. પોતાનાં માબાપથી તેઓને આ વાત છુપાવવી યોગ્ય ન લાગી, અને તેમનું હૃદય ડંખ્યું, તેથી તેમણે ધીરે ધીરે આ ટેવ કુસંગત છોડી અને પાછા પોતાના મૂળ ધર્મવર્તને ચાલવા લાગ્યા. તેઓ ધર્મના જુના રીત રીવાજો પાળતા છતાં શંકાશીલ હતા, તેથી પોતાની માતાને તે વિષે થતી શંકાઓ પૂછતા. પણ પુરૂં સમાધાન થતું નહીં. ઉમરે આવતાં તેમણે મનુના ધર્મ શાસ્ત્ર મનુસ્મૃતિનો અભ્યાસ આદર્યો. છતાં શંકા શમી નહીં. આમ તેમની ધાર્મિકવૃત્તી કેટલોક કાળ ડામાડોળ રહી.

બેરીસ્ટર થવા લંડન જવાનો પ્રયાસ.

અમદાવાદમાં મેટ્રીક પસાર કર્યા પછી તેઓ ગ્રેજ્યુએટ થવા ભાવનગર કોલેજમાં દાખલ થયા. પરંતુ એક મિત્રે તેમને બેરીસ્ટર થવા લંડન જવા સૂચના કીધી. તેમનાં માતા જુના વિચારનાં હતાં તેથી તેમણે ત્યાં જવા ઘણીજ આનાકાની કીધી. લંડનમાં સ્વચ્છંદ પ્રકારે વર્તન હિંદી યુવાનો ચલાવે છે, એવી વાતોથી તેમની શ્રદ્ધાળુ માતા પોતાના લાડીલા પુત્રને ત્યાં મોકલતાં ખચકાતી હતી. આખરે તેમની માતા તેમનો અડગ આગ્રહ જોઇને એક જૈન સાધુ સન્મુખ લઈ ગયાં અને તેમની પાસે મદીરા, માંસ અને પરસ્ત્રી એ ત્રણેને નહીં અડકવાના સોગન અને પ્રતિજ્ઞા લેવડાવ્યાં. મી૦ ગાંધી કહે છે કે, 'એ સોગનને લીધેજ હું લંડનની જાળમાં ફસાતો બચ્યો હતો.''

લંડન જવા માતાની સંમતિ મળતાં તેમણે પૈસા આદિની તજવીજ કરવા માંડી. સર એફ. એસ. લેલી તે વેળા પોરબંદરમાં રાજ્યનો વહીવટ સરકાર તરફથી ચલાવતા હતા. તેમની દ્વારા મી૦ ગાંધીએ શિષ્યવૃત્તિ મેળવવા પ્રયત્ન કર્યા પણ તેમાં કાંઈ વળ્યું નહીં. સર ફ્રેડીક લેલીએ મી૦ ગાંધી સંબંધી કોઇના ખોટા રીપોર્ટના આધારે તેમની અરજી નામંજુર કરી અને કહ્યું કે, 'ગ્રેજ્યુએટ થાઓ પછી હું જોઈ લઇશ.

મી૦ ગાંધીના પિતા તેમની બાર વર્ષની ઉમ્મરે આ સમયે મર્ણ પામ્યા. એટલે તેમના તરફથી ઘટતી સહાનુભૂતિ મળે એમ નહતું પણ તેમના કાકા પોરબંદરના દિવાન તરીકે કામ કરતા હતા,તેમણે તેમને ટેકો આપ્યો અને સફળતા માટે આશિષ દીધી.

એટલે મી૦ ગાંધી પોતાનું એક સ્વપ્નું પાર પાડવા શક્તિમાન થયા. ઇંગ્લાંડ જવાનો મી૦ ગાંધીનો વિચાર જાણતાં તેમના જ્ઞાતિ બંધુઓએ તે તરફ સખ્ત નાપસંદગી દર્શાવી, અને જ્ઞાતિ બહાર કાઢવા ધમકી પણ આપી; પરંતુ તેની પણ મી૦ ગાંધીએ જ્યારે કાંઇ દરકાર ન કરી ત્યારે જ્ઞાતિનું મહાજન મેળવી તેમને જ્ઞાતિ બહાર કર્યા. આજ પર્યંત તેઓ પોરબંદરની જ્ઞાતિની બહાર છે, પણ બીજાં શહેરોની તેમની જ્ઞાતિએ તેમનો સ્વીકાર કર્યો છે, એમ જાણવામાં છે.

લંડનમાં ચુસ્ત નિયમ અને ધર્મનું પાલન.

તેઓ આ સર્વ મુશ્કેલીઓ વટાવીને ૧૯૮૮ ના સપ્ટેમ્બરમાં લંડન પહોંચ્યા; અને રીચમંડ સાહેબને ત્યાં ઉતર્યા. મી૦ ગાંધીની સાથે બે હિંદી મિત્રો હતા, તેમણે પશ્ચિમના જીવનવ્યવહારની દીક્ષા ક્યારનીયે લીધેલી હતી. તેમણે મી૦ ગાંધીને એવી દીક્ષા આપવા પ્રયાસ કર્યો. એ મિત્રો પોતે માંસ ખાતા, બીડી પીતા, દારૂ પીતા, અને એમણે હરેક પશ્ચિમનો દેશીય રીવાજ અંગીકાર કર્યો હતો. પણ મી૦ ગાંધીના હૃદયમાં પોતાની માતા સમક્ષ આ સર્વ નહીં કરવા લીધેલી પ્રતિજ્ઞા સતત જાગ્રત હતી, તેથી તેઓ એ સર્વ બદીઓના ભોગ થઈ પડયા નહીં ! તેમણે મી૦ ગાંધીને 'નાચતાં શીખવાની, ભાષણકળા શિખવાની," વિગેરે ઘણી જાતનાં શિક્ષણો અને તાલીમ લેવાનો આગ્રહ કર્યો, પણ તેમાં તેઓ નિષ્ફળ નીવડયા. મિત્રો અતિ આગ્રહ કરી કહેતા ત્યારે તેઓ તેમને પોતાની માતા આગળ લીધેલી પ્રતિજ્ઞાનું સ્મરણ કરાવતા અને મિત્રો તેમને તે માટે હસી કાઢતા. આ મિત્રો આખરે થાકયા અને તેઓ પણ અંતે પોતાની ભૂલ જોઈ સુધર્યા.

મી૦ ગાંધી "ઇનર ટેમ્પલ"માં કાયદાનો અભ્યાસ કરવા લાગ્યા; અને લંડન યુનીવર્સીટીની પ્રવેશક પરીક્ષા પસાર કરવા ખાનગી વર્ગમાં દાખલ થયા. તેઓ પોતાનો ખોરાક જાતે એક ભાડાના ઓરડામાં પકાવી લેતા. ઘણીવાર તેઓ 'ઓટ'ની ખીરથી ચલાવી લેતા. કેટલોક વખત હિંદી ખોરાક બનાવનારાં રેસ્ટોરોમાં જતા અને ખાણું લેતા. અને એટલી તેઓ કરકસરથી રહેતા કે તેમનો માસિક ખર્ચ રૂ. ૬૦ થતો. તેમણે લગભગ ત્રણ વર્ષ સુધી આવી સાદી જીંદગી ગુજારી. તેઓ એક ખરા ઇંગ્રેજ ગૃહસ્થનું વર્તન આચરવાનો લોભ રાખતા હતા અને તેઓ ખરા ઇંગ્રેજી ગૃહસ્થને શોભાવે એવા આચરણવાળા થયા છે.

ધાર્મિક વાતાવરણની અસર.

ત્રણ વર્ષ પછી, ધાર્મિક વાતાવરણે તેમના હૃદય ઉપર પાછી અસર કરવા માંડી. તેમની મૂળની શંકાઓ પાછી તાજી થઈ. ડૉકટર જોશીઆ ઓલ્ડફીલ્ડ સાથે તેમને ગાઢ મિત્રતા બંધાઈ અને તેઓ 'અન્નફલાહાર' ખાનારી સભાના સભાસદ થયા. ડૉ. ઓલ્ડફીલ્ડે ખ્રીસ્તી ધર્મ અંગીકાર કરવા તેમને સમજાવવા માંડયા ત્યારે મી૦ ગાંધીએ એવો ઉત્તર આપ્યો કે, "મારા પોતાના ધર્મનો અભ્યાસ કર્યા પહેલાં ખ્રીસ્તી ધર્મ શીખવાનું મને ધ્યાનમાં આવતું નથી." કેટલાક અર્ધદગ્ધ આર્ય સમાજીઓએ આ ઉપરથી બોધ લેવાનો છે. પોતાના બાપદાદાના પરાપૂર્વથી ચાલતા ધર્મનું બી પણ જાણતા ન હોવા છતાં, તેમ વેદનું ઉંડા સુધીનું જ્ઞાન પણ નહીં હોવા છતાં, વેદધર્મી થવાનો મિથ્યા ઘમંડ રાખી,

મતોભ્રષ્ટ અને તતોભ્રષ્ટ થવાને બદલે તેઓ ધર્મની યથાતથ્યતા વિષે પ્રથમ માહિતી મેળવવાની અગત્ય અવશ્ય વિચારશે.

આજ અરસામાં તેઓ મેડમ બ્લેવેટ્સ્કીના સમાગમમાં પણ આવ્યા. થીઓસોફી વિષે તેમણે કંઇક વાંચવા માંડયું; અને પછી શ્રીમદ્ભગવદ્ગીતા ઉપર તેમને રૂચિ થઇ અને તેમને લાગ્યું કે, "ગીતાજીએ ચૈતન્ય સંબંધમાં મને અપૂર્વ જ્ઞાન આપ્યું અને મારૂં હૃદય પીગળાવી નાંખ્યું, આ જાતની અસર જો કોઇકના ઉપર થઈ શકે તો તે ફક્ત પૂર્વ દેશના બાળક ઉપરજ થઇ શકે. છેવટે મને એમ લાગવા માંડયું કે "જે પ્રકાશની હું શોધ કરતો હતો તે પ્રકાશ મને જડયો છે." ધાર્મિક વિચાર દશાના આ સંક્રાન્તિ કાળમાં ખ્રિસ્તી આદિ અન્યધર્મી ઉપદેશકો સાથે ચર્ચા ચાલી અને નાસ્તિક મટી તેઓ ઇશ્વરના અસ્તિત્વમાં દઢ માન્યતા અને શ્રદ્ધા ધરાવવા લાગ્યા.

બારીસ્ટર તરીકે જીવન.

આ ધાર્મીક વિચાર પરિપક્વ કરવા સાથે તેઓનો કાયદાનો અભ્યાસ જારીજ હતો અને તેઓ ત્રણ વર્ષે બારિસ્ટર થયા. વતન પાછા ફરતાં તેઓને પોતાની વહાલી માતાના મર્ણના ખબર મળ્યા, અને તેણે લેવડાવેલી પ્રતિજ્ઞા પોતે. ચિવ્વટપણે પાળી છે, એમ બતાવવાની અભિલાષા મનમાં ને મનમાં રહી ગઈ. તેમના મોટા ભાઇની મરજીને માન આપી તેમણે નાશક જઇ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત્ત કીધું. પછી ૧૮ મહીના સુધી રાજકોટમાં વકીલાતનો ધંધો ચલાવ્યો. અહીં જૈન વિદ્વાનોની સહાયતાથી તેમણે હિંદુ ધર્મના શોધનનું કાર્ય કીધું.

ટ્રાન્સવાલમાં વલંદાઓના વર્ણદ્વેષનો અનુભવ.

આ અરસામાં બાર મહીનાની બાંધણીથી એક મુકદમો ચલાવવા તેઓ ૧૮૯૩ માં પ્રીટોરીયા સીધાર્યા. બચપણથી અંગ્રેજના ઇનસાફી કાયદા અને શુદ્ધ ઈમાનદારી વિષે તેમની દઢ માન્યતા બંધાઇ હતી. નાતાલમાં આવતાં તેમની આંખે ત્યાં વસતા યુરોપીયનોની ઉદ્ધતાઇ અને વર્ણદ્વેષ દષ્ટિએ પડયા. પહેલે દિવસે કોર્ટમાંજ પાઘડી પહેરી બેસવા માટે તેમનું એક ઉદ્ધત સોલીસીટરે અપમાન કર્યું. વળી પ્રીટોરીયા જતાં માર્ગમાં રેલ્વેગાડીમાં ગાર્ડ અને પોલીસની મદદથી તેમને અપમાનભરી રીતે જબરજસ્તીથી હેઠા ઉતારવામાં આવ્યા; અને તેમનો સામાન હેઠો ફેંકી દેવામાં આવ્યો. પછી ટ્રાન્સવાલની સરહદમાં આવતાં ટપ્પામાં એક વલંદાએ તેમને પોતાના પગ આગળ બેસવાને મી. ગાંધીને ફરમાવ્યું અને તેમણે તે ન માન્યાથી તેણે તેમને તમાચો ખેંચી કાઢયો જેથી તેઓ ભોંયે પટકાઈ પડયા. આમ વર્ણભેદનાં ઘણાં સંકટો અને અપમાનો તેમને ઉપરાછાપરી સહેવાં પડયાં. છતાં તેમના હૃદયમાં તેમની પ્રત્યે વૈરભાવની લાગણી પેદા થઈ નહી. પરંતુ તેમની સહનશક્તિ ઘણીજ વધી. કરાર પ્રમાણે તેમને બાર માસ પ્રીટોરીયામાં રહેવું પડયું. તેમાં આવો ઘણોજ કડવો અનુભવ થયો.

પ્રીટોરીયામાં રહ્યા પછી તેમણે બાઇબલના શિક્ષણના વર્ગમાં જવા માંડયું. અને આ સોસાઇટીમાં તેમણે કાઉન્ટ ટોલ્સ્ટોયના ગ્રંથો તેમજ બાઇબલ સંબંધી અનેક ગ્રંથો વાંચ્યા. ઘણા યુરોપીયન તેમજ દેશી વિચારકો સાથે પત્રવ્યવહાર ચલાવી અનેક શંકાઓનાં સમાધાન કરી લીધાં.

હિંદીઓને એકસંપી અને ચળવળનો બોધ.

૧૮૯૩ના વર્ષને અંતે તેઓ ડર્બનથી હિંદ પાછા આવવાની તૈયારી કરતા હતા તેવામાં ત્યાંની સરકારે હિંદીઓના હકો ખુંચવી લેવાનો કાયદો પસાર કરવાની તૈયારી કરી; એટલે તેમણે હિંદી આવવાનું માંડીવાળી એક સંપથી હિંદીઓને તે સામે આગ્રહ પૂર્વક વિરૂદ્ધતા દર્શાવવા સમજાવ્યા. તેમની ચળવળથી હિંદીઓમાં તેમજ વલંદા સરકારમાં જાગૃતિ આવી, અને તેને દેશમાં એક નવી શક્તિ ઉભી થયાની પ્રતીતિ થઇ. હિંદના વાઇસરોય લોર્ડ રીપન ઉપર ૧૦ હજાર હિંદીઓની સહી સાથેની અરજી તેમણે મોકલાવી આપી, એટલે આ કાયદાને બાદશાહી મંજુરી મળતી અટકી, અને તે પાછો ખેંચી લેવાયો. આમાં સફળ ન થયાથી વલંદાઓને રાજી કરવા આડકતરી રીતે ત્યાંની સરકારે બીજો કાયદો ઘડી હિંદીઓના મત આપવાના હક ખુંચવી લીધા.

રાજ્યકીય સંસ્થાઓની સ્થાપના.

મી૦ ગાંધીને આ ચળવળને અંગે કેટલીક રાજ્યકીય ચળવળ ચલાવનારી સંસ્થાઓ સ્થાપવાની અગત્ય જણાઇ અને તેમણે ' નાતાલ ઇન્ડીયન કોંગ્રેસ ' તથા ' નાતાલ ઇન્ડીયન એજ્યુકેશનલ એસોસીએશન ' સ્થાપી. પરંતુ આ સર્વથી તેમને સદર અદાલતમાં વકીલાતની પરવાનગી મેળવતાં અનેક મુશ્કેલીઓ નડી. ગોરા બારીસ્ટરોએ તેમને સનદ આપવા સામે ઘણા વાંધા ઉઠાવ્યા પણ ન્યાયાધીશોએ વર્ણભેદ સાથે કોર્ટને કંઈ લાગતું વળગતું નથી, એમ જણાવી આખરે તેમને સનદ આપી. અહીં બે વર્ષ ધંધો ચલાવી તેઓ ૧૮૯૬ માં હિંદ આવ્યા. સ્વદેશ આવતા પહેલાં તેમણે હિંદી કોમના લઇ લેવાયલા વાજબી હકો સંબંધી હકીકતનું ચોપાનીયું પ્રકટ કીધું હતું.

હિંદ આવતાં તેમનો સારો આદરસત્કાર થયો, અને તેમની વિવેકભરી વાણીથી સર્વ છક થઇ ગયા, તેમના માનમાં સભાઓ ભરાઇ અને તેમણે વિવેકશીલ ભાષણો કર્યાં. પરંતુ રોઇટરે તેમનાં ભાષણોમાંથી ખોટા અર્થ ઉપજાવી તેમની સામે ત્યાંના ખારીલા વલંદાઓને ઉશ્કેરી મુક્યા. પરિણામે હિંદીઓને નાતાલ વિગેરે સ્થાને આવતા અટકાવવાનો કાયદો ઘડાવવાની ચળવળ ચાલી. નાતાલની રાજ્યસમાજની બેઠક પહેલાં ત્યાં જઈ હિંદીઓના હકો સંબંધી કેરીયતની લોકની જાગૃત કરવા સને ૧૮૯૬ ના નવેમ્બરમાં તેઓ પાછા આફ્રિકા ગયા. ત્યાં તેમને પરહેજ કરવામાં આવ્યા. તેમની તથા હિંદીઓની સામે આ સમયે ઘણીજ પ્રબળ ચળવળ જાગી અને વહાણના કમાન સુદ્ધાંતને હિંદીઓને લાવવા માટે દમ ભરાવામાં આવ્યો. મહા મુશ્કેલીએ બંદરે ઉતર્યા પછી પણ માર્ગમાં મી૦ ગાંધીને પથ્થર, માછલાં, અને ઇંડાથી વલંદાઓએ વધાવી લીધા ! એક જણે લાત મારી અને મી૦ ગાંધી બેભાન થયા. પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટની સ્ત્રી મીસીસ એલેકઝાન્ડરે તેમને બચાવી લીધા, બીજી ઘણી વિટંબણાઓ તેમને મદદ આપનારાઓને વેઠવી પડી.

બોર વિગ્રહમાં બ્રિટિશ રાજ્યની સેવા.

આમ કેટલોક વખત ચાલ્યું. આ અરસામાં ૧૮૯૯ના ઓક્ટોબરમાં બોર વિગ્રહ ચાલ્યો. સર્વ સંસ્થાનિકો સાથે હિંદીઓએ પણ અપ્રતિમ રાજભક્તિ દાખવી અને હરેક રીતે

બ્રિટીશ સરકારની મદદે ધાયા. તેમણે સારવાર કરનારૂં ખાતું હિંદીઓ તરફથી પોતાની સરદારી હેઠળ કાઢયું અને લશ્કરીઓને સહાયતા આપી. તેમની આ વેળાની સહાયતાથી બ્રિટીશ સરકાર ઉપર સારી અસર થઇ. વિગ્રહ પત્યા પછીના સ્મરણ સ્થંભ ઉપરની તખતીમાં હીંદી અક્ષરોમાં હિંદીઓનાં કામની કદર કરનારાં વચનો ચિરંજીવ ટંકાઇ રહ્યાં છે.

એશીયાવાસીઓ સામેનો કાળો ધારો.

લડાઇ પત્યા પછી મી. ગાંધી હિંદ આવ્યા. ૧૯૦૩માં હીંદીઓએ બોલાવ્યાથી તેઓ પ્રીટોરીઆ પાછા ગયા, ત્યારે તેમને હીંદીઓ સાથે ચલાવાતા ગેરવર્તન અને ગેર ઇન્સાફનાં કામોને પહોંચી વળવાની મુશ્કેલી જણાઇ. સરકારે એક નવું એશીયાઇ ખાતું સ્થાપી નવા દિલસોજી હીણા અમલદારોને સોંપ્યું હતું. સંસ્થાન ખાતાના પ્રધાન મી. ડેવીડસને ત્યાંના હીંદીઓને મી. ગાંધીને બોલાવવા માટે ઠપકો આપ્યો અને તેમની મારફતે જો કામ લેવામાં આવશે તો કોઇ પણ દાદ નહી મળે એમ સાફ સાફ કહી દીધું. તે સમયે જોસફ ચેમ્બલેન દક્ષિણ આફ્રિકાની મુસાફરીએ આવ્યા હતા અને મહા મુશ્કેલીએ પ્રતિનિધિ મંડળદ્વારા તેમને મળ્યા. અમલદારો મી. ગાંધીથી બીતા હતા, એટલે તેમના તરફ તિરસ્કારથી જોતા. ૧૯૦૩માં એપ્રીલમાં ટ્રાન્સવાલના હિંદીઓને એમ લાગ્યું કે એશીયાઇ ખાતા સામે અને હિંદીઓના હક્ક જાળવવા માટે નવી હિલચાલ અવશ્ય ઉભી કરવીજ જોઇએ, બોર વિગ્રહ પહેલાં હિંદીઓને અલગ રાખવાની જે રાજ્યનીતિ ચાલતી હતી અને જેને અગ્ર કરીને બ્રિટીશ સરકારે વીગ્રહ ચલાવ્યો હતો, તેજ રાજ્યનીતિ બ્રીટીશ છત્રછાયા હેઠળ ખીલવવામાં આવી. અને ૧૯૦૭નો "એશીયાટીક લૉ એમેન્ડમેન્ટ એકટ" ઘડાઈ તે દ્વારા હિંદીઓને હલકા પાડી તેમની કોટે નવી ધુંસરી નાંખી, ગુન્હેગારની હારમાં મુકવાની જે વલણ અમલમાં આવી તેનો આરંભ ૧૯૦૩માં થઇ ચુકયો હતો. મી. ગાંધીનો હેતુ મૂળથીજ આ અલગપણાની વર્ણભેદની નીતિ ટળાવી, હિંદીઓ બ્રિટીશ નાગરિકો ગણાવા લાયક છે, અને બ્રીટીશ સામ્રાજ્યની કીમતી સેવાઓ બજાવી શકે છે. એમ બતાવવાનો હતો. ઘણા હિંદીઓ ટ્રાન્સવાલમાં જન્મ્યા હતા તથા રૂ. ૪૫ થી રૂ. ૩૭૫ ખર્ચી "પીસ પ્રીઝર્વેશન ઓર્ડીનન્સ"ના રૂએ પરવાના મેળવી મોટા પાયા ઉપર વ્યાપારરોજગાર ચલાવતા હતા, તેમના હકકો જાળવવાનો તેમનો હેતુ હતો, પરંતુ કમભાગ્યે હિંદીઓ પ્રતિ ત્યાંના ગોરાઓ શંકાની નજરે જોતા. ટ્રાન્સવાલની સરકારે બળતામાં ઘી હોમી તેઓને શંકાશીલ થવાને કારણ આપ્યું હતું.

મરકીમાં હિંદી, કાફરા અને ગોરાની સારવાર.

મી૦ ગાંધીએ તે જતાં શાંતિથી કામ લેવાય ત્યાં સુધી લેવા માંડયું. ૧૯૦૪ માં મરકીના સમયમાં તેમણે 'હિંદી વોલન્ટીયર' મદદથી ઇસ્પીતાલ ઉઘાડી, હિંદી, પ્રજાને અમૂલ્ય સહાયતા આપી અને તે દ્વારા ટ્રાન્સવાલની સરકારની પણ સેવા ઉઠાવી. સારવારના ખાતામાં તેમણે હિંદીઓ ઉપરાંત ગોરાઓ અને કાફર લોકોની પણ સારવાર કરી.

"ઇંડીયન ઓપીનીયન" પત્રની સ્થાપના.

આવા કામ સાથે મી. ગાંધીએ લોકમત કેળવવા અને હિંદી મતથી ત્યાંના અને હિંદના લોકને વાકેફ કરવા "ઇંડીયન ઓપીનીયન" અઠવાડીક પત્ર કાઢયું અને હિંદી-

ઓના હક્કની હિમાયત ચાલુ કરી. તે માટે યોગ્ય પુરૂષોએ નાણાંની પણ ગોઠવણ કરી. આ કામ ખર્ચાળુ અને સાહસિક હતું. તેને નિભાવવા માટે પોતાની કમાણીમાંથી રૂ. ૩૦,૦૦૦ તેમણે આપ્યા. આ પત્ર દક્ષિણ આફ્રિકા અને ટ્રાન્સવાલન ' હિંદી કોમની સેવા અપ્રતિમ રીતે નિયમિત બજાવતું રહ્યું છે અને તે એક ત્ય પ્રતિષ્ઠાપાત્ર પત્ર ગણાય છે,

મી૦ ગાંધીએ આ સાથે વળી એક મધ્ય સ્થળ ખરીદવા ત્યાં મકાનો બાંધવાનું તથા ગરીબીનો અંગીકાર કરનારા પોતાના સાગ્રીતોને રહેવાની સોઈ કરી આપવાનું પોતાનું સ્વપ્નું ખરૂં પાડયું, તેમણે આ માટે ફીનીકસમાં જમીન ખરીદી છે, શેઠ રૂસ્તમજીનું લોખંડનું કારખાનું ત્યાં જમાવ્યું છે, અને 'ઇંડીયન ઓપીનીયન' પત્ર આ સ્થળેથી અવિરતપણે નીકળતું આવ્યું છે.

૧૯૦૬ માં કામ ચલાઉ "એશીયાટીક લૉ એમેન્ડમેન્ટ એકટ" થી ઝુલુ લોકોએ બળવો ઉઠાવ્યો, ત્યારે બોર વિગ્રહ વેળા જેવી સેવા બજાવી હતી તેવીજ સેવા બજાવવા મી૦ ગાંધીએ એક ટોળી ઉભી કરી અને ડોળીઓમાં માંદા ઘવાયલા લશ્કરીઓને લઈ જવાનો શ્રમ ઉઠાવ્યો. આમ આત્મભોગ આપીને તેમણે અનુપમ સેવા ઉઠાવી.

આ સર્વ થાળે પડતાં હિંદીઓએ નવા કાયદા સામે જુમ્બેસ ઉઠાવી અને ઇંગ્લાંડની સરકારને વસ્તુસ્થિતિ સમજાવવા એક પ્રતિનિધિમંડળ લઇ તેઓ ઇંગ્લાંડ ગયા. મદ્રાસના માજી દીલસોજ ગવરનર લોર્ડ એમ્પટહીલ તેના પ્રમુખ થયા અને સર મંચેરજી ભાવનગરી સેક્રેટરી થયા. આમાં મી૦ પોલાકની પણ અથાગ સહાયતા હતી.

સત્યાગ્રહની ચળવળ.

આ કામ સાથે ટ્રાન્સવાલમાં સત્યાગ્રહ અને શાંત અવરોધની ચળવળ ચાલી. તેમાં હિંદીઓએ સહેલાં અથાગ અને અસહ્ય સંકટોનો ઇતિહાસ જોતા હોવાથી તેની પુનરૂક્તિ કરવા જરૂર નથી. તુરંગમાં દેડાનાં કામ પણ હિંદી સત્યાગ્રહીઓને કરવાં પડયાં છે, ખોરાકની અનેક વિટંબણાઓ સહેવી પડી છે, અનેક અપમાનો સહી લેવાં પડયાં છે, ઘરબાર છોડી, ધંધાધાપા ત્યાગી, બૈરાં છોકરાંને સમભાવશીલ ગૃહસ્થોને શરણે સોંપી, સત્યાગ્રહ માટે સરકારી અધિકારીઓ તરફથી અપાતાં સર્વ દુઃખો તેમણે સહ્યાં છે. એક વાર ચાલેલી સત્યાગ્રહની લડત ત્યાંની સરકારના એક પ્રધાન જનરલ સ્મટ્સનાં હિંદીઓને યોગ્ય હક્ક આપવાનાં વચનથી બંધ પડી હતી, લો. મા. ઓન. મી૦ ગોખલેએ જઈ સમાધાનીનો માર્ગ કઢાવવા પ્રયાસ આદર્યો હતો, પણ તેમને આપેલાં વચનો ત્યાંની સરકારે ન પાળ્યાં એટલે બીજી વાર સત્યાગ્રહની લડત ચાલી. આમ વચનો સત્તાધારીઓએ આપ્યા છતાં તે તોડી તેમનું માન ભંગ કર્યું છે, છતાં સરકાર સામે બળવો ન ઉઠાવતાં કે મુંગે મોંઢે આ સર્વ સહી, પશ્ચિમની સુધરેલી પ્રજાને પોતાની સહનશક્તિથી હેરત પમાડી છે અને પોતાની શાંત રીતે પોતાનાં સંકટો દૂર કરાવવા ઉપાડેલી હિલચાલમાં સફળતા મેળવી છે; એ સર્વ કોઇના જાણ્યામાં છેજ.

મી૦ ગાંધી આ સર્વ હિલચાલના પ્રાણ હતા, બન્ને વાર સત્યાગ્રહની ચળવળ તેમની રાહબરી હેઠળ ચાલી અને અંતે અમુક અંશે પણ વસાહતી હિંદીઓના હક્કો-ભોગવાતા હતા તેટલાજ-જળવાય એવી ગોઠવણ સરકાર પાસે કરાવી શક્યા છે.

હિંદીઓની રાજનિષ્ઠા.

સત્યાગ્રહની હિલચાલ સંબંધમાં એ એક ખાસ જાણવાજોગ છે કે, હિંદીઓએ કોઇ રીતે પોતાની આ શાંત અવરોધના સમયમાં બળવાખોર વલણ પકડી નથી, એટલુંજ નહીં પણ આ હિલચાલ દરમિયાનની સરકાર જ્યારે કાફરો અને બીજા લોકોના બળવા વેળા વિષમ સ્થિતિમાં આવી પડતી ત્યારે પોતાના શાંત અવરોધને પડતો મૂકી તેની વહારે ધાયા છે અને તેની તરફ અડગ રાજ ભકિત દર્શાવી છે. બોરવિગ્રહ, ઝુલુ લોકોનો બળવો, ખાણુવાળાઓની હડતાલ, એઓના જાગતાંજોષ દ્દષ્ટાંતો છે, છેવટે વતમાન વિગ્રહ વેળા હિંદ જેમ એક રાજનિષ્ઠ બ્રિટીશ પ્રજા તરીકે બ્રિટીશ સામ્રાજ્યને પડખે ખડું થયું છે તેમ દક્ષિણ આફ્રકાના હિંદીઓએ પણ પૂર્ણ રાજ નિષ્ઠા દાખવી ત્યાંની સરકારને હરેક પ્રકારે સહાયતા આપવા તત્પર થયા છે. જ્યારે કેટલાક વલંદાઓએ બળવો જગાડયાનું અને સરકારને મુશ્કેલીમાં ઉતારી જર્મન પક્ષે ભળ્યાનું જાણીતું છે. આમ હિંદીઓને રાજનિષ્ઠ રહેવાનો પાઠ મી૦ ગાંધીએ શીખવ્યો છે.

સ્વદેશમાં નિવૃત્તિ.

આ સર્વ કરીને તેઓ હવે આફ્રિકામાંથી નિવૃત્ત થઈ સ્વદેશ પાછા ફરતાં વચમાં ઇંગ્લાંડ ગયા હતા. ત્યાં કેટલાંક કામ પ્રસંગે તેમજ માંદગીથી તેઓ રોકાયા હતા. દરમ્યાન યુરોપી યાદવાસ્થલી ચાલી એટલે તેમણે વર્તમાન વિગ્રહમાં હિંદી સૈનિકોની સારવારના ખાતામાં અપ્રતિમ કાર્ય ઉઠાવ્યું છે. આવા વીરલા સ્વદેશભક્તને અસંખ્યવાર ધન્ય છે. પરમાત્મા તેમને દીર્ઘાયુ આપો અને સ્વદેશમાં રહીને તેઓ આમ અડગપણે, કાયદાને માન આપવાની પોતાની ચુસ્ત નીતિ પાળી પળાવી, હિંદની સેવા ઉઠાવો અને હજારો યુવાન હિંદીવાનોના આદર્શ રૂપ થાવ, તેમને પણ પોતાના જેવા સ્વદેશાભિમાની અને યથાયોગ્ય બ્રિટીશ શહેરી બનાવો, એવી પ્રભુપ્રાર્થના છે.

મી૦ ગાંધી સાંભળ્યા પ્રમાણે લો. મા. ઓન મી૦ ગોખલેના સર્વન્ટસ ઓફ ઈંડીયા સોસાઇટીની એક શાખા ગુજરાત—કાઠીયાવાડ કે અમદાવાદમાં સ્થાપવા ધારે છે. અમે ઇચ્છીએ છીએ કે તેમને આમાં સફળતા મળો.

बुकर टी. वॉशिंग्टन.

આફ્રિકાના મૂળ રહેવાસિયોમાં નીગ્રો (હબશી) નામની એક જાતિ છે. સત્તરમીસદીમાં આ જાતિના લોકોને ગુલામ બનાવીને અમેરિકામાં વેચવાના ક્રમનો આરંભ થયો; અને આ ક્રમ લગભગ બે સદિયો સુધી જારી રહ્યો, આટલા વખત સુધી દાસત્વમાં રહેવાથી તે લોકોની કેવી અવનતિ થઇ હશે ! તેમને કેવું ભયંકર કષ્ટ પડયું હશે! અને તેમની સ્થિતિ કેવી નિકૃષ્ટ થઈ ગઇ હશે! તે સર્વ ઇતિહાસ અનેક ગ્રંથોમાં છે. કુમારી એચ. બી. સ્ટોને પોતાના એક ગ્રંથમાં લખ્યું છે કે; “આ ગુલામોને આખો દિવસ તડકામાં કામ કરવું પડતું હતું. જો કામમાં કાંઇ આળસ કે ભૂલ થતી તો ઓવરસીયર તેમને કોરડાથી મારતા હતા, ત્યાં સુધી કે તેમના શરીરમાંથી લોહી પણ નીકળતું. એક નાની સરખી ઝુંપડીમાં જાનવ-

રોની માફક તેમને રાત્રે પુરી દેવામાં આવતા, કેવળ ધનનાજ લોભથી પતિ અને પત્નિ, ભાઇ અને બ્હેન, માતા અને પુત્રમાં વિયોગ કરાવવામાં આવતો. જો કોઇ ગુલામ અસન્ત, દુઃખિ થઇને નાસી જતો તો તેની પાછળ શિકારી કુતરાઓને છોડી દેવામાં આવતા. આટલો અન્યાય થતાં પણ આશ્ચર્ય એ હતું કે પાદરી લોકો દાસત્વના આ નિંદનિય રિવાજનું સમર્થન બાઇબલના આધાર પર કર્યા કરતા હતા.” સન ૧૭૮૩ માં અમેરિકામાં સ્વાધિનતા સ્થાપિત થઇ અને એક તત્વ માન્ય થઇ ગયું કે ઇશ્વરની દ્રષ્ટિથી સર્વ મનુષ્ય કાળા અને ગોરા સમાન અને સ્વતંત્ર છે તથાપિ અમેરિકન લોકોએ લગભગ સો વર્ષ સુધી નીગ્રો જાતિના કાળા મનુષ્યોની સ્વાધિનતા કબુલ ન કરી. તે લોક નીગ્રોજાતિના મનુષ્યોને બદલે તેમને પોતાનો માલ (Property) સમઝતા હતા ! પરન્તુ કેટલાક વિચારવાન અને સહૃદય મહાત્માઓનાં આન્દોલનથી આ મત ધીરે ધીરે બદલાવા લાગ્યો. ઉત્તર અમેરિકાના રહેવાસીયોએ પોતાના ગુલામોને છોડી દીધા, પરન્તુ દક્ષિણ અમેરિકાના રહેવાસીયોએ ગુલામોને સ્વતંત્ર કરવાનું મંજુર કર્યું નહિ. ત્યારે સન ૧૮૬૦ માં આ બંને રાજ્યો વચ્ચે ભયાનક યુદ્ધનો આરંભ થયો. આ યુદ્ધ ચાર પાંચ સાલ સુધી જારી રહ્યું. આ વખતે મહાત્મા લિંકન અમેરિકાની સ્વતંત્ર અને સંયુક્ત રહેવાસીયોના પ્રેસિડેંટ (અધ્યક્ષ–રાજા) હતા. તેમનો દૃઢ વિશ્વાસ હતો કે દાસત્વ કરતાં બીજુ અધિક કોઇ પાપ નથી. જેથી પોતે સને ૧૮૬૨ ના સપ્ટેંબર મહીનામાં જાહેર કર્યું કે “સને ૧૮૬૩ ની શરૂઆતમાં અમેરિકાની દાસત્વની રીત બંધ કરવામાં આવશે !” આ તરફ યુદ્ધમાં દક્ષિણ અમેરિકાના સઘળા લોક હારી ગયા અને સન ૧૮૬૫ માં બંને રાજ્યો વચ્ચે સલાહ થઇ. તા. ૧ લી જાનેવારી સન ૧૮૬૩ માં ‘દાસ વિમોચન’ ના ઠરાવથી નીગ્રો જાતિના ત્રીસ ચાલીસ લાખ આદમીયોને સ્વતંત્રતા મળી ગઇ, અને તેથી આ લોકો મહાત્મા લિંકનને ઇશ્વર તુલ્ય સમઝીને તેમનો યશ ગાવા લાગ્યા.

બાલ્યાવસ્થા અને વિદ્યાભ્યાસ.

બુકર ટી. વૉશિંગ્ટનનો જન્મ સન ૧૮૫૮–૫૯ માં એક અત્યંત ગરીબ દાસ કુળમાં થયો. તેમના બાળપણની દુઃખદાયક, ઉદ્વેગ કારક અને નિરાશા જનક દશાની કાંઇક કલ્પના ઉપર લખેલી હકીકતથી થઇ શકે છે. જે વખતે અમેરિકાના સર્વ ગુલામોને મુક્ત કરવામાં આવ્યા તે વખતે તેમની ઉમ્મર ત્રણ ચાર વર્ષની હતી. સ્વતંન્ત્ર થયા પછી તેમનાં માતા પિતા પોતાના બાળકોને લઇને કેટલેક દુર માલ્ડન નામના ગામમાં મીઠાની ખાણોમાં મજુરી કરવાને માટે ચાલ્યાં ગયાં. અહીં બુકરને પણ આખો દિવસ ખાણની અંદર મીઠાની ભઠ્ઠીમાં કામ કરવું પડતું હતું. જોકે બાળક બુકરના મનમાં લખવા વાંચવાનુ શિખવાની ઘણીજ ઇચ્છા થતી પરંતુ તેના પિતાનું ધ્યાન કેવળ કુટુમ્બના નિર્વાહને માટે પૈસા કમાવાનીજ તરફ હતું. આવી અવસ્થામાં શિક્ષણ પ્રાપ્ત કરવાની અનુકૂળતા મળી શકતી ન્હોતી. એવામાં આ ગામની નજીકમાં નીગ્રો જાતિના શિક્ષણને માટે એક નાની સરખી પાઠશાળા ખોલવામાં આવી. જ્યારે બુકરે પોતાની જાતિના સર્વ બાળકોને નિશાળમાં જતા જોયા ત્યારે ભણવાને માટે તેની સ્વાભાવિક ઇચ્છાને વધુ વેગ મળ્યો. પિતાની સાથે વિરોધ થાય તેને લીધે કામ છોડીને તે પાઠશાળામાં જઇ શકતો ન્હોતો, જેથી મજુરી કર્યા પછી જ્યારે કોઈ વખત છુટી મળી જાય ત્યારે તે વિદ્યાભ્યાસ કરવા

જતો અને તે ઉપરાંત તે રાત્રે નિશાળમાં વિદ્યાભ્યાસ કરવા લાગ્યો. આ માટે તેને કોઇ કોઇ વખતે ત્રણ ત્રણ ચાર ચાર માઇલ પગથી ચાલવું પડતું, તેણે લખ્યું છે કે, "જો કે મારે કોઇ વખત ઉદાસ અને નિરાશ થવું પડયું તથાપિ મેં શિક્ષણ પ્રાપ્ત કરવાનો દઢ નિશ્ચય કર્યો હતો." આ નિશ્ચયાનુસાર સન ૧૮૭૨ માં તે પોતાના ગામથી કેટલેક દુર હેમ્પટન નગરની નાર્મલ સ્કુલમાં ભણવાને માટે ગયો. આ વખતે તેની ઉંમર તેર ચૌદ વર્ષની હતી. તેને તે પણ માલુમ નહોતું. કે હૅમ્પટન કેટલે દુર છે. ત્યાં સુધી જવાને માટે તેની પાસે પૈસા પણ નહોતા. ઘેરથી નીકળ્યા પછી તેને માલુમ પડયું કે હૈમ્પટન ૫૦૦ માઇલ દુર છે. રસ્તામાં તેને ઘણું દુઃખ પડયું. જ્યારે તે કોઇ મોટા શહેરમાં પહોંચતો ત્યારે મજુરી કરીને કાંઇ કમાઇ લેતો અને પછી આગળ જતો. બબ્બે દિવસ સુધી તેને ભૂખે રહેવું પડતું. રાત્રે સડકના છેડે સુઇ રહેવું પડતું. એ પ્રકારે અનેક દુઃખ અને ક્લેશ ભોગવતાં છતાં પણ તે હૈમ્પટન પહોંચ્યો. ત્યાં મુખ્ય અધ્યક્ષે તે શારીરિક મહેનતથી કંટાળે છે કે કેમ તેની પરીક્ષા કરવાને માટે સર્વથી પહેલાં તેને એક ઠેકાણાંનો કચરો વાળી નાંખવાનું કહ્યું, તે તેણે કર્યું અને ત્યાં વિદ્યાભ્યાસ કરવા લાગ્યો.

હૈમ્પટન સ્કુલનો અધ્યક્ષ (પ્રિન્સિપાલ) જનરલ આર્મસ્ટ્રાંગ ઘણો પરોપકારી પુરૂષ હતો. તેના પ્રયત્નથી આ સ્કૂલ અમેરિકામાં ઘણીજ પ્રસિદ્ધ થઇ ગઇ છે. તેની પાસે રહેવાથી ચાર વર્ષમાં બુકર–ટી–વોશિંગ્ટન ગ્રેજ્યુએટ થઇ ગયો. આ સ્કુલમાં વોશિંગ્ટનને જે વાતોનું શિક્ષણ મળ્યું તેનો સારાંશ આ છેઃ—

૧. પુસ્તકો દ્વારા પ્રાપ્ત થનાર શિક્ષણ કરતાં તે શિક્ષણ અધિક ઉપયોગી અને મૂલ્યવાન છે કે જે સત્પુરૂષોના સમાગમથી મળી શકે છે.

૨. શિક્ષણનો અંતિમ હેતુ પરોપકારજ છે. મનુષ્યની ઉન્નતિ કેવળ માનસિક શિક્ષણથી થતી નથી. શારીરિક શ્રમની પણ બહુજ આવશ્યક્તા છે. જે લોક બીજાની ઉન્નતિને માટે યત્ન કરે છે, તેમજ જે લોક બીજાઓને સુખી કરવામાં પોતાના સમયને વ્યતીત કરે છે તે સુખી અને ભાગ્યવાન છે.

૩. શિક્ષણની સફળતાને માટે જ્ઞાનેંન્દ્રિય, અંતઃકરણ અને કર્મેન્દ્રિય (Head, Heart and Hand)ની એકતા થવી જોઇએ. જે શિક્ષણમાં મહેનત કરવાને માટે અપ્રીતિ ઉત્પન્ન થાય તેવા શિક્ષણથી કાંઇ લાભ થતો નથી.

વૉશિંગ્ટન સ્કુલમાં ભણવાનો અને બોરડીંગમાં રહેવાનો ખર્ચ આપી શકતો નહોતો જેથી તે સ્કૂલમાં દ્વારપાલની નોકરી કરીને અને રજાઓના દિવસોમાં શહેરમાં મજુરીયા નોકરી કરીને દ્રવ્યોપાર્જન કરતો હતો. આ પ્રકારે પોતે મહેનત કરીને પોતાના આત્મવિશ્વાસના બળપર તેણે હૈમ્પટન સ્કૂલના વિદ્યાભ્યાસનો ક્રમ પૂરો કર્યો. તેનું નામ પદવી દાનની વખતે માનનીય વિદ્યાર્થિયો (Honour–roll) માં દાખલ કરવામાં આવ્યું

શિક્ષક તરીકેનું કાર્ય.

ગ્રેજ્યુએટ થયા પછી વૉશિંગ્ટન પોતાના નિવાસસ્થાન માલ્ડનમાં સને ૧૮૭૫માં પાછો આવ્યો અને ત્યાં એક નીગ્રો સ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરવા લાગ્યો.

સ્કૂલમાં વિદ્યાર્થિયોની સંખ્યા એટલી બધી વધી ગઇ કે તેને રાતની પાઠશાળા ઉઘાડવી પડી. અહીંથી તેણે કેટલાક વિદ્યાર્થિયોને હૈમ્પટનની શાળામાં મોકલવાનો પ્રબન્ધ કર્યો. આ વખતે શિક્ષણના વિષયમાં અનેક શંકાકારક કલ્પનાઓ પ્રચલિત થવા માંડી. લોક સમઝતા હતા કે ભાષા, સાહિત્ય, ગણિત, ભૂગોળ આદિ કેટલીક વાતોને જાણી લેવી એજ શિક્ષણ છે. માલ્ડનમાં બે વર્ષ સુધી શિક્ષક તરીકે કામ કર્યા પછી શિક્ષણ વિષયમાં જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે વોશિંગ્ટન કોલંબિયા પ્રાન્તના વાશિંગ્ટન શહેરમાં આઠ મહિના રહ્યો. ત્યાં તેને નીગ્રો લોકોની સામાજીક દશાના સંબંધમાં ઘણીક વાતો માલુમ પડી. ઘણાક લોકો નામ માત્રનું શિક્ષણ પ્રાપ્ત કરીને પોતાને સુખી અને શ્રીમાન ગણવાને માટે પ્રયત્ન કરી રહ્યા હતા. જેથી તેમને પોતાની આવદાની કરતાં ખર્ચ અધિક કરવો પડતો હતો. ફળ એ આવતું કે તે દેવાદાર થયા કરતા હતા. શહેરોમાં રહેનારા, ભણેલા લોકો, સ્ત્રીયો અને પુરૂષો બંન્ને શારીરિક મહેનત કરવી એ નીચ કામ સમઝતા હતા. વળી કેટલાક લોક કૃત્રિમ સુખથી મોહિત થઇને રાજનૈતિક હિલચાલોમાં સામિલ થવું એજ પોતાનું કર્તવ્ય સમઝતા હતા. સારાંશ એ હતો કે આ લોકોએ પોતાના જીવનની અનેક જરૂરીયાતો કૃત્રિમ રીતે વધારી નાંખી હતી. પરંતુ તેમનામાં પોતાની સઘળી જરૂરીયાતો મેળવવાની યોગ્યતા ન હતી. નગર નિવાસિયોનો મોહક જીવન ક્રમ દેખીને વોશિંગ્ટનના મનમાં પણ એક રાજ નૈતિક હિલચાલમાં સામિલ થવાની ઇચ્છા ઉત્પન્ન થઇ. પરંતુ તે પોતાના જીવનના પવિત્ર ઉદ્દેશને ભૂલી ગયો ન હોતો. કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય અને અંતઃકરણ (Hand, Head and Heart) ના શિક્ષણથીજ પોતાની જાતિની ઉન્નતિ કરવી એ તેનો પ્રધાન ઉદ્દેશ હતો. અને તેથી તેણે તેના તે ઉદ્દેશને સિદ્ધ કરવાને માટે પ્રયત્ન કરતા રહેવાનો દૃઢ નિશ્ચય કરી લીધો. તે પછી જે હૈમ્પટનની સ્કૂલમાં તેણે વિદ્યાભ્યાસ કર્યો હતો તેમાં તેણે બે વર્ષ સુધી શિક્ષકનું કામ કર્યું અને સુપ્રસિદ્ધ શિક્ષક તરીકે ગવાવા લાગ્યો.

જાતિ સેવાનો આરંભ.

સન ૧૮૮૧ માં અર્થાત ત્રેવીસ ચોવીસ વર્ષની ઉંમરમાં બુકર ટી વાશિંગ્ટન હૈમ્પટનમાં શિક્ષકના કામપર રહ્યો હતો. આ વખતે તેને સ્વતંત્ર રીતે જાતિ સેવા અને પરોપકાર કરવાનો, પ્રાપ્ત કરેલા શિક્ષણને સફલ કરવાનો, અને પોતાના જીવનને સાર્થક કરવાની તક મળી.

દક્ષિણ અમેરિકાની અલાબામાના ટસ્કેજી નામના નાના ગામના કેટલાક રહેવાસીયોયે જનરલ આર્મસ્ટ્રાંગને એક પત્ર લખ્યો, અને લખ્યું કે અમારા ગામમાં અમે લોકો કાળા આદમિયોના શિક્ષણને માટે એક મોડેલ સ્કૂલ (આદર્શ) પાઠશાળા ખોલવાની ઇચ્છા રાખીયે છીયે માટે આપની પાસે કોઇ સારો શિક્ષક હોય તો મોકલી આપશો. આ પત્રથી જનરલ આર્મસ્ટ્રાંગે મિસ્ટર વૉશિંગ્ટનને ત્યાં મોકલ્યો. આ વિષયમાં વૉશિંગ્ટને લખ્યું છે કે, "ટસ્કેજી જતા પહેલાં હું એમ સમઝતો હતો કે ત્યાં મકાન અને શિક્ષણનો સર્વ સામાન તૈયાર હશે. પરંન્તુ ત્યાં જવાથી મેં જોયું કે ત્યાં મકાન કે સામાન કાંઈ પણ નથી જેથી હું નિરાશ થયો. પરંતુ સેંકડો મકાનો અને સામાનથી અધિક મૂલ્યવાન અનેક મનુષ્યો

શિક્ષણ લેવાને માટે આતુર અને ઉત્સુક મને દેખાયાં" મહીના બે મહીના સુધી વૅાશિંગ્ટને આ પ્રદેશના રહેવાસીયોની સામાજીક અને આર્થિક દશાની સારી રીતે તપાસ કરી, અને જુલાઈની ચોથી તારીખે ગિરજાઘરની પાસે એક નાની સરખી ઝુંપડીમાં પાઠશાળા ઉઘાડી. આ પાઠશાળામાં વૅાશિંગ્ટન એકલોજ શિક્ષક હતો. બાળક અને બાળકીયો મળી માત્ર ૩૦ વિદ્યાર્થીયો ભણવા આવ્યા હતા. તે સર્વ વ્યાકરણના નિયમ અને ગણિતના સિદ્ધાંત મોંઢે જાણતા હતા. પરંતુ તેનો ઉપયોગ કરવાનું જાણતા નહોતા. તે શારીરિક મ્હેનત કરવાનું ઇચ્છિતા ન્હોતા. તે એમ સમઝતા હતા કે મ્હેનત કરવી એ નીચ કામ છે. આવી અવસ્થામાં પહેલવહેલાં વૅાશિંગ્ટનને પોતાના નવિન તત્વોના અનુસાર શિક્ષણ આપવું એ બહુજ કઠિન લાગવા માંડયું. તેમણે અલબામાના રહેવાસીયોની સામાજીક અને આર્થિક દશાનો વિચાર કરીને એ નિશ્ચય કર્યો કે આ પ્રાન્તના રહેવાસિયોને ખેતી સંબંધિનું શિક્ષણ આપવું જોઇએ, અને એક યા બે એવા પણ વ્યવસાયોનું શિક્ષણ આપવું જોઇએ કે જે દ્વારા લોક પોતાનો ઉદર નિર્વાહ સારી રીતે કરી શકે. તેણે એવું શિક્ષણ આપવાનો નિશ્ચય કર્યો કે જેથી વિદ્યાર્થીયોના હૃદયમાં શારીરિક મ્હેનત, વ્યવસાય, યોગ્ય ખર્ચ અને સુવ્યવસ્થાના વિષયમાં પ્રેમ ઉત્પન્ન થાય, તેમની બુદ્ધિ નીતિ અને ધર્મમ સુધારો થાય, અને જ્યારે તે પાઠશાળામાંથી નીકળે ત્યારે પોતાના દેશમાં સ્વતન્ત્ર રીતે ઉદ્યમ કરીને સુખ પ્રાપ્તિ કરી શકે, તથા ઉત્તમ નાગરિક (Citizen) બની શકે. આ તત્વાનુસાર શિક્ષણ આપવાને માટે વૅાશિંગ્ટનની પાસે એક પણ સાધનની અનુકૂળતા નહોતી. જમીનનો એક નાનો સરખો ટુકડો પણ તેની પાસે ન્હોતો, તેવામાં તેને માલૂમ પડયું કે, ટસ્કેજી ગાંમની પાસે એક ખેતર વેચવાનું છે તેથી હૅમ્પટનના કોષાધ્યક્ષ પાસેથી ૭૫૦ રૂપિયા દેવા લઇને તેણે તે જમીન વેચાતી લીધી. આ ખેતરમાં બે ત્રણ જુની ઝુંપડીયો હતી. તેમાં તે પોતાના વિદ્યાર્થીયોને ભણાવા લાગ્યો. પહેલ વહેલાં તો વિદ્યાર્થિયો કોઈ પણ પ્રકારનું શારીરિક કામ કરવાનું ઇચ્છતા ન્હોતા; પરન્તુ જ્યારે તેમણે પોતાના હિતચિન્તક શિક્ષક મિસ્ટર વૅાશિંગ્ટનને હાથમાં કોદાળી પાવડો લઇને કામ કરતાં જોયા ત્યારે તે લોકો ઘણા ઉત્સાહથી કામ કરવા લાગ્યા.

ધનની આવશ્યકતા.

જમીન લીધા પછી ઇમારત બનાવવાને માટે ધનની જરૂર પડી, ધન સિવાય કોઈ પણ ઉપયોગી કામ થઇ શકતું નથી. જેથી કુમારી ડેવિડસન (ટસ્કેજી પાઠશાળાની એક અધ્યાપિકા) અને મિસ્ટર વૅાશિંગ્ટને ગાંમેગામ ફરીને દ્રવ્ય એકઠું કર્યું. જો કે આ કામમાં વૅાશિંગ્ટનને અનેક નિંદ્રા રહિત રાત્રિયો વ્યતિત કરવી પડી, તથાપિ અંતે પરમેશ્વરની કૃપાથી તેના સર્વ યત્નો સફળ થયા. ધન એકઠા કરવાના વિષયમાં મિસ્ટર વૅાશિંગ્ટનના નીચે લખેલા અનુભવસિદ્ધ નિયમો ઘણા કામના છે:—

૧. તમારે પોતાના કાર્યના વિષયમાં અનેક મનુષ્યો અને સંસ્થાઓને પોતાનો સઘળો હેવાલ સંભળાવવો. આ હેવાલ સંભળાવવામાંજ પોતાનું ગૌરવ સમઝવું, તમારે પોતાના કાર્યના વિષયમાં જે કાંઇ કહેવું હોય તે સંક્ષેપમાં અને સ્પષ્ટ કહેવું.

૨. પરિણામ અથવા ફળના વિષયમાં નિશ્ચિંત રહેવું.

૩. આ સિદ્ધાન્ત પર વિશ્વાસ રાખો કે સંસ્થાની અંદરનો હેતુ જેટલો સ્વચ્છ, પવિત્ર અને ઉપયોગી હશે, તેટલોજ અધિક તેને લોકાશ્રય પણ મળશે.

૪. શ્રીમાન અને ગરીબ બંને પાસે સહાયતા માગો. સાચી સહાનુભૂતિ કરનારા સેંકડો દાતાઓના થોડાં થોડાં દાનથી પણ પરોપકારમાં મોટાં મોટાં કાર્યો થઈ શકે છે.

૫. દ્રવ્ય એકઠું કરતી વખતે દાતાઓની સહાનુભૂતિ, સહાયતા અને ઉપદેશ પ્રાપ્ત કરવાનો યત્ન કરો.

આ પ્રકારે યત્ન કરવાથી ટસ્કેજી સંસ્થાની ઉન્નતિને માટે અનેક શ્રીમાન્ તથા સાધારણ લોકોએ ગુપ્ત તથા પ્રકટ રીતે વૉશિંગ્ટનને સહાયતા કરી.

સંસ્થાની ઉન્નતિ.

આત્માવલમ્બન અને પરિશ્રમથી ધીરેધીરે ટસ્કેજી સંસ્થાની ઉન્નતિ થવા લાગી. સને ૧૮૮૧માં વૉશિંગ્ટનની પાસે પોતાની સંસ્થાને માટે થોડી જમીન, ત્રણ ઇમારતો, એક શિક્ષક અને ત્રીસ વિદ્યાર્થી હતા. હાલમાં ત્યાં ૧૦૬ ઇમારતો ૨૩૫૦ એકર જમીન અને ૧૫ જાનવર છે. ખેતીમાં ઉપયોગી યંત્રો અને અન્ય સામાનની કીંમત ૩૮૮૫૬૩૯ રૂપિયા છે. વાર્ષિક આવદાની ૯૦૦૦૦૦ રૂપિયા છે અને શિલીકમાં ૬૪૫૦૦૦ રૂપિયા જમાં છે. પ્રતિ વર્ષે ૨૪૦૦૦૦ રૂપિઆ ખર્ચ થાય છે. આ રકમ ઘેરે ઘેર ભિક્ષા માગીને એકઠી કરવામાં આવે છે. હાલમાં આ સંસ્થાની કુલ મિલકત એક કરોડથી અધિક રૂપિયાની છે. જેની વ્યવસ્થા પંચો દ્વારા કરવામાં આવે છે. શિક્ષકોની સંખ્યા ૧૮૦ છે. ૧૬૪૫ વિદ્યાર્થિ (૧૦૬૮ બાળકો અને ૫૭૮ બાળકીયો) રજીસ્ટર પર છે, ૧૦૦૦ એકર જમીનમાં વિદ્યાર્થિયોની મહેનતથી ખેતી થાય છે. માનસિક શિક્ષણની સાથે સાથે જુદા જુદા ચાલીસ પ્રકારના વ્યવસાયોનું શિક્ષણ આપવામાં આવે છે. આ સંસ્થામાંથી શિક્ષણ મેળવીને લગભગ ૭૦૦૦ મનુષ્યો દક્ષિણ અમેરિકાના જુદા જુદા સ્થાનોમાં સ્વતંત્ર રીતે કામ કરી રહ્યાં છે. તે લોકો પોતે પોતાના પ્રયત્ન અને ઉદાહરણથી પોતાની જાતિના હજારો લોકોને આધિભૌક્તિક અને આધ્યાત્મિક, ધર્મ અને નીતિ વિષયક શિક્ષણ આપી રહ્યા છે. મીસ્ટર વૉશિંગ્ટને લખ્યું છે કે "સંસ્થાની ઉપયોગિતા એ લોકો ઉપર અવલંબિત છે કે જે અહીં શિક્ષણ લઈને સ્વતંત્ર રીતે સમાજમાં રહેવા માંડે છે" આ નિયમાનુસાર એમ કહી શકાય છે કે વૉશિંગ્ટનની સંસ્થાએ સફળતા મેળવી છે. દક્ષિણ અમેરિકાના જુદા જુદા સ્થાનોમાં આ સંસ્થામાં શિક્ષણ લીધેલા લોકોની એટલી બધી માગણી વધી ગઇ છે કે લોકોની અર્ધી માગણી પણ પુરી કરી શકાતી નથી, અને વિદ્યાર્થિયોને સ્થાન અને દ્રવ્યના અભાવથી પાછું જવું પડે છે.

સફળતાનું રહસ્ય.

વૉશિંગ્ટનને ટસ્કેજી સંસ્થાનો જીવ યા પ્રાણ સમઝવો જોઇએ. તેના એકલાનાજ કારણથી એ સંસ્થાને સફળતા મળી છે. પોતે તે સંસ્થાનો પ્રિન્સિપલ છે. પોતે પાઠશાળામાં શિક્ષકનું કામ પણ કરે છે અને સંસ્થાની ઉન્નતિને માટે ગામેગામ, શહેરે શહેર ફરીને ધન પણ એકઠું કરે છે. પોતે આ સંસ્થાનો પ્રબંધ એવો ઉત્તમ કરી દીધો છે કે પોતાની ગેરહાજરીમાં પણ સર્વ કામ નિયમ પૂર્વક થયાં કરે છે, અને તે સર્વ કામોનો

…મ પડી શકે છે, અને સુધારા …

… આન્તરિક ઉદ્‌ગારોથી વિદિત થઇ શકે છે. તે કહે છે કે:—

૧. ઇશ્વરના રાજ્યમાં કોઇ પણ મનુષ્ય યા જાતિની સફળતાની એકજ કસોટી છે તે એ કે સત્કાર્ય કરવાની પ્રેરણાથી પ્રેરીત થઇને પ્રયત્ન કરવો જોઇએ.

૨. જે સ્થાનમાં આપણે રહીયે તે સ્થાનના નિવાસિયોની શારીરિક, માનસિક, નૈતિક, અને આર્થિક ઉન્નતિ કરવાનો યત્ન કરવો તેજ સર્વથી મોટી વાત છે.

૩. સત્કાર્ય પ્રેરણાનુસાર પ્રયત્ન કરતી વખતે કોઈ વ્યક્તિ, સમાજ યા જાતિની નિન્દા, દ્વેષ અને મત્સર ન કરવો જોઇએ. જે કામ ભ્રાતૃભાવ, બંન્ધુપ્રેમ અને આત્મીયતાથી કરવામાં આવે છે તેજ સફળ અને સર્વોપયોગી થઇ શકે છે.

૪. કોઈ પણ કાર્યનો યત્ન કરવામાં આત્મ વિશ્વાસ, અને સ્વાધિન ભાવને ભૂલી ન જવો જોઇએ. જો કોઈ એક યા બે પ્રયત્ન નિષ્ફલ થઈ જાય તો પણ નિરાશ ન થવું જોઇએ. પોતાની ભૂલોની તરફ ધ્યાન દઇને વિચાર પૂર્વક વારંવાર યત્ન કરતા રહેવું જોઇએ. અન્તે ઇશ્વર કૃપાથી અવસ્ય તે કાર્ય સફળજ થાય છે.

ગુણોનો યોગ્ય આદર.

વૉશિંગ્ટનનો એ વિશ્વાસ છે કે યોગ્યતા અથવા શ્રેષ્ટતા કોઇપણ વર્ણ, રંગ અને જાતિના મનુષ્યમાં હોય તો પણ તે છુપાઇ શકતી નથી. અન્તે તે મનુષ્ય અવસ્ય વિજયને જ મેળવે છે. ગુણોની પરીક્ષા અથવા તો પ્રગટ થયા સિવાય રહેતી નથી. એ સર્વથા સાચું છે કે **गुणाः पूजास्थानं गुणिषु नच लिंङ्गं नचवयः।** વૉશિંગ્ટને જે જાતિ સેવારૂપ પરોપકાર કર્યો છે તે એમ સમઝીને કર્યો છે કે અમારૂં કાર્ય ગમે તો નાનું કેમ ન હોય, અત્યંત ક્ષુદ્ર કેમ ન હોય, તો પણ તે બીજાને અધિક ઉપયોગી, સુખદાયક અને કલ્યાણકારક હશે તો વર્ણ યા જાતિની પરવા ન કરતાં છતાં પણ, **गुणाः पूजास्थानं** " આ

---

૬૨ ...ના કાંઇ વાતની ખામી રાખી નથી. હારવર્ડ વિશ્વ વિદ્યાલયે ... ઓફ આર્ટસ'ની સંમ્માન સૂચક પદ્વી આપી છે. અટલાંટાની રાષ્ટ્રિય પ્રદર્શિની ખોલતી વ... તે પ્રાન્તના ગવર્નર સાહેબે વૉશિંગ્ટનને આરંભિક વક્તૃતા કરવાનું બહુ માન આપ્યું છે, અમેરિકાના પ્રેસિડેંટે ટસ્કેજી સંસ્થામાં પધારીને નિગ્રો જાતિના આગેવાન વૉશિંગ્ટનનું ગૌ-રવ કરતી વખતે એ કહ્યું હતું કે "આ સંસ્થા અનુકરણીય છે. તેની કીર્તિ અહીં નહિ પરંતુ વિદેશોમાં પણ વધી રહી છે. આ સંસ્થના વિષયમાં કાંઇક કહેતી વખતે મિસ્ટર વૉશિંગ્ટનના ઉદ્યોગ, સાહસ, પ્રયત્ન, અને બુદ્ધિ સામર્થ્યના સંબંધમાં કાંઇ કહ્યા સિવાય રહેવાતું નથી, તે ઉત્તમ અધ્યાપક છે, ઉત્તમ વક્તા છે અને સાચા પરોપકારી પુરૂષ છે. આ સદ્‌ગુણોને લીધેજ અમે તેમનું સંમ્માન કરીએ છીએ."

ઉપસંહાર.

વિચારવાની વાત છે કે જે મનુષ્યનો જન્મ દાસત્વમાં થયો છે, જેને પોતાના પીતા યા બીજા પૂર્વજોના કાંઈ પણ હેવાલની ખબર નથી, જેને પોતાની બાલ્યાવસ્થામાં જાતે મજુરી કરીને પેટ ભરવું પડયું હતું, તે, આ વખતે પોતાના આત્મ વિશ્વાસ અને આત્મબળના આધારપર કેટલા ઉંચા પદ પર પહોંચી ગયા છે. બુકર. ટી વૉશીંગ્ટનનું જીવન ચરીત્ર વાંચીને કહેવું પડે છે કે "નર જો પ્રયત્ન કર્યા કરે તો નારાયણ બની જાય". પ્રતીકૂલ દશામાં પણ મનુષ્ય પોતાની જાતી, સમાજ અને દેશની કેવી અને કેટલી સેવા કરી શકે છે એ. વાત આ ચરીત્રથી શીખવા યોગ્ય છે.

નબળાઈ, પાંડુ, ખાર.., ..., જલ્લા.
તથા ધાતુવિકારના દરદો મટાડે. અને શક્તિ આપવામાં તો
નામ અને નિર્ભય નિવડી છે. ર તું કામ કરનારા માટે તો એક છે.
બુદ્ધિ, યાદશક્તિ અને કાંતિને વધારે છે. ડબાની કીં. રૂ. ૧-૮-૦ એક
ખાત્રી કરવા ભલામણ છે.

રકત શોધક—देशीसारसोपरेला.

આ પ્રવાહી દવા દેશી તાજી વનસ્પતિમાંથી બનાવવામાં આવે છે. લોહી બીગાડ તથા ચામડીના તમામ દર્દોમાં આ દવા અકસીર નીવડેલ છે. ઉપદંશ એટલે ગરમીના અને લોહી બિગાડના અનેક વિકારોને મટાડી લોહી સુધારે છે. ઉપદંશના સાંધા, ગળાની ગાંઠો, નાસુર, ભગંદર, વિસ્ફોટક, ચાંદી, ચાંદાં, વ્રણ વગેરેને મટાડી રૂઝ લાવે છે. કિંમત શીશીનો રૂ. ૧.) ચાર બાટલીના રૂ ૩-૦-૦

દ્રાક્ષાસવ—આ 'દ્રાક્ષાસવ' નો ખાસ ગુણ પાચનક્રિયા, લોહી તથા શક્તિ વધારવાનો છે. અતિ ક્ષીણ થએલા દરદીને આપવાથી તે એકદમ હુંશીઆરીમાં આવે છે. લોહીની મંદ પડેલી ગતિને વધારી છાતીને જોર આપે છે. છાતીનો દુઃખાવો, હૃદયનો રોગ (હાર્ટડિઝીઝ), ખાંસી તથા ક્ષયમાં સારી મદદ કરે છે. શૂળ, ચુંક, ઉલટી, આફરો, ગોળો, અજીર્ણ અને ઝાડાનો કબજો વગેરે પાચનની વિક્રિયાનાં દરદોને મટાડી ખોરાકને પચાવે છે. વેનકીલર અને પોર્ટવાઇનની બરોબરી કરનાર આ એક જ દેશી દવા છે. તેમાં આલ્કહોલ નિશો આવતો નથી. આ દ્રાક્ષાસવ દારૂના વ્યસનમાં ડુબતાં અને ક્ષીણતા પામતાં માણસોને બચાવી તેમને તંદુરસ્ત બનાવે છે. રતલ ૧ નો રૂ.૧-૮-૦

તમામ રોગને મટાડી અખૂટ શક્તિ આપનાર.

सर्व व्याधिहर गुटिका

થી તમામ રોગ મટે છે એટલુંજ નહિ પણ તે નપુષકને ખરૂં પુરૂષાતન આ પહેલવાન અને પુષ્ટ બનાવી વિર્યની વૃદ્ધિ કરી વિજળીક શક્તિ આપે છે. એ ઉપરાંત આ દવાથી તમામ જાતના રોગ મટે છે. કોઈ પણ રોગ થયો કે માત્ર બે ગોળી તેની સાથેના છાપેલા અનુપાન સાથે ખાવી કે તુરતજ તે રોગ મટે છે. અનુભવ સિદ્ધ અને અકસીર છે. કીં. ડબી ૧ ના રૂ. ૩ પો. ૦-૩-૦

નપુષકને ખરૂ પુરૂષાતન આપનાર આ એકજ દવા વિજયી નીવડી છે.

આપની સર્વ વ્યાધિહર ગુટિકા મેં ખાધી છે અને તે ઘણીજ સારી છે અને તે તમામ રોગને મટાડે છે તેવો મેં અનુભવ કર્યો છે તે દરેક માણસે એકેક ડબી ઘરમાં રાખવાથી દાક્તર કે વૈદની જરૂર પડતી નથી. **શીવશંકર કાશીરામ—સીંઆપોર.**

દવે કેમીકલ વર્કસ—અમદાવાદ.

., મહાન ક઼ુ. વદકના વિષયો, વનસ્પતિ
. સંહિતાનું ગુજરાતીમાં ભાષ. માસે આવે છે.

..સકનાં દર માસે પૃષ્ટ ૫૦ આપવામાં આવે છે. ઉપરાંત તેમાં મહાન પુરૂષોનાં, અન ..તુ લડાઇનાં ચિત્રો આપવામાં આવે છે. તેમજ દિવાળી . ખાસ સચિત્ર અંક, પંચાંગો અને ભેટો મફત મળે છે.

આ માસિકના ગ્રાહકને **ઘરનો વૈદ્ય** એ નામનું પુસ્તક ચાલુ સાલે ભેટ મળે છે. તે પુસ્તકની હકીકત આ સાથેના પાનમાં વાંચવાથી ખાત્રી થશે કે તેનું લવાજમ તો માત્ર તે પુસ્તકથી જ વળી જાય તેમ છે.

જો તમે સુખ, આનંદ અને ઉત્સાહને ઇચ્છતા હો, ઘરમાં કલેશને સ્થાને આનંદ અને સ્વર્ગના સુખને ઇચ્છતા હો, ભવિષ્યને માટે પોતાનાં બાળકોને મહાન બનાવવા ઇચ્છતા હો. પોતાની સ્ત્રીઓને ઉત્તમ ગૃહણી બનાવવા ચાહતા હો તો આજેજ ભાગ્યોદય માસિકના ગ્રાહક થજો.

તમે ગમે તેટલી ગમગીનીમાં કે દુઃખમાં હશો તો પણ તે વખતે જો તમે **ભાગ્યોદય** માસિક વાંચવા માંડશો તો તરતજ તમારી ગમગીની અને દુઃખને સ્થાને આનંદ અને સુખનો અનુભવ થશે. નિરૂત્સાહ થતા હશો તો તે તમને ઉત્સાહિત કરી કાર્યમાં વિજય અપાવશે, અને એવી રીતે ઉત્તમ સુખોના ભોકતા બનાવી આનંદ અને સુખનો લાભ આપશે.

આ માસિકનું વાર્ષિક લવાજમ માત્ર રૂ ૨—૦—૦ રાખવામાં આવ્યું છે. નમુનાની કીં. ૦—૪—૦ છે. તેના હાલમાં ગ્રાહક થનારને **વિનોદચંદ્ર** નામની એક બોધક નવલકથાનું પુસ્તક ભેટ તરીકે વધારામાં મળશે. આશા છે કે આજેજ ગ્રાહક થઇ કાર્ડ લખી દેશો.

જેઠાલાલ દેવશંકર દવે.

વ્યવસ્થાપક ભાગ્યોદય—**અમદાવાદ.**

પરોપકાર એજ સેવા છે.

જો તમે દુઃખોથી કાયર બન્યા હો, રોગગ્રસ્ત થયા હો, તમારા રોગો ભયંકર અને અસાધ્ય માની, ડોકટરો અને વૈદોમાં પૈસા બગાડવા છતાં ન મટવાથી નિરાશ થઇ બેસી રહ્યા હોતો આજેજ તમારા રોગની સર્વ હકીકત નિચેના સ્થળે લખી જણાવો. જેથી તમને તમારા રોગના સંબંધમાં યોગ્ય સલાહ, અને ઉપાયો મફત લખી મોકલવામાં આવશે. જેથી બેસી ન રહેતાં આજેજ નિચેને સ્થળે પત્ર લખી તમારા રોગની સર્વ હકીકત લખી જણાવો. તમારા પત્રો ખાનગી રાખવામાં આવશે.

મેનેજર દવે કેમીકલ વર્કસ—અમદાવાદ.